**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
Regd. No. BVHO/**187/2006–2008** R. N. I. No. **71957/99**
છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫-૦૦ આજીવન ૨૫૧-૦૦
વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪, બોરડીગેટ, ભાવનગર.

### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- **You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**

# ✿ અનુક્રમણિકા ✿


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | તંત્રી | ૩ |
| વદનં પ્રસાદસદનમ્ | શ્રી યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| મારી નજરે—મારાં પૂ. શ્રી શ્રી મા સર્વેશ્વરી | આશા ભક્ત | ૧૩ |
| પૂ. યોગેશ્વરજી રચિત પ્રકાશના પંથે ગ્રંથનું પ્રકાશન પર્વ | ડો. બી. જે. જાગાણી | ૨૧ |
| પૂ. યોગેશ્વરજીનો સંતસમાગમ | પ્રો. પારૂલબેન માંકડ | ૨૮ |
| MAGIC OF PRAYER | Srushti V. Kaneria | ૩૬ |
| પ્રાર્થનાનો ચમત્કાર | નારાયણ હ. જાની | ૩૯ |
| સાધનાદિન—સ્વર્ગારોહણ | મા સર્વેશ્વરી | ૪૨ |
| સાધનાદિનના નિયમો | — | ૪૬ |
| સ્વર્ગારોહણને આંગણે હોળીનો ઉત્સવ | શ્રી જ્યોત્સનાબેન | ૩૮ |
| શ્રીવિષ્ણુસહસ્ર સમશ્લોકી | શ્રી યોગેશ્વરજી | ૫૬ |

## ❀ અભિનંદનીય સહાય ❀

ગુરુદેવ ભગવંત પ. પૂ. શ્રી યોગેશ્વરજી અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના પ્રેમ, હૂંફ, માર્ગદર્શન અને આશીર્વાદ શ્રી બચુભાઈ અને શ્રી નિરંજનાબેન પાઠકના પરિવાર પર ત્રણ દાયકા કરતાં વધુ સમયથી વરસી રહ્યા છે.

પૂ. માએ આ પરિવારનાં બાળકો શ્રી હિમાંશુ અને શ્રી મીરાંના જીવનને છેક નાનપણથી ઘડ્યું છે. તો ચિ. પાર્થ તેના જન્મ પહેલાં જ પૂ. માનું રક્ષા કવચ પામ્યો છે, એટલું જ નહિ હમણાં જ પૂ. માના સાન્નિધ્યમાં સ્વર્ગારોહણમાં યજ્ઞોપવિત સંસ્કારદ્વારા તે દ્વિજત્વ પામી—બ્રાહ્મણ બન્યો છે. તો ચિ. પતંજલિને પણ પૂ. માએ એના જન્મ પહેલાંથી રક્ષ્યો છે.

એ રીતે પૂ. મા—પ્રભુની કૃપા પ્રસાદી આ પરિવાર પામેલ છે.

પોતાની જીવનસંધ્યાને માણી રહેલા શ્રી બચુભાઈ તેમ જ તેઓની પુત્રવધૂ શ્રી હેમિનાના એપ્રિલ માસના જન્મદિનો નિમિત્તે, સત્કર્મના ભાગરૂપે અધ્યાત્મના એપ્રિલ માસના પ્રકાશનનો ખર્ચ તેઓએ આપેલ છે. તે બદલ મા—પ્રભુ એ પરિવારનું રક્ષણ અને ખૂબ ખૂબ મંગલ કરે એ જ અભ્યર્થના.

—તંત્રી



# વદનં પ્રસાદસદનમ્

**શ્રી યોગેશ્વરજી**

કેટલું સરસ વાક્ય છે? કોઈક પાવન પળે, ધન્ય ક્ષણે, કોઈક સ્વાનુભવસંપન્ન સત્પુરુષદ્વારા એનું સર્જન થયું છે. વદન કેવું છે તો કહે છે કે પ્રસાદનું સદન.

પ્રસાદ એટલે પ્રસન્નતા. જેનું મુખમંડળ સદાય પ્રસન્ન કે પુલકિત હોય છે તે ધન્ય બને છે ને ધન્ય કરે છે. તે જ્યાં વસે છે તે જ્યાં વિચરે છે ત્યાં ઉત્સવ કરે છે. ઘરમાં ને ઘરની બહાર આનંદ અનુભવે છે અને આનંદ અર્પે છે.

પ્રસાદનો અર્થ પરમાત્માની કૃપા પણ લઈ શકાય. પરમાત્માની કૃપા જેના ઉપર વરસે છે તેના અંતરમાં પ્રસન્નતા પ્રકટે છે, અને એ પ્રસન્નતાનું પ્રતિબિંબ વદન પર, વાણીમાં, રોમરોમમાં અને અંગપ્રત્યંગમાં પડે છે.

જીવનમાં આજે પ્રસન્નતા ઘટી ગઈ છે. માનવ પ્રસન્ન દેખાવાનો પ્રયત્ન કરે છે, એવા કીમિયા કરતો દેખાય છે, તો પણ સાચી સ્વાભાવિક પ્રસન્નતા કોઈક બડભાગીને જ પ્રાપ્ત થાય છે. એ સૌ કોઈના જીવનમાં નથી હોતી.

પ્રસન્નતાથી પુલકિત માનવને મળવાનું ગમે છે. એની સાથે ફરવાનું અને વ્યવહારમાં ઉતરવાનું પસંદ પડે છે. એ અન્યનાં દુઃખોને હળવાં કરે છે. અન્યને માટે આશ્વાસનરૂપ બને છે. એવા માનવને કષ્ટો, વિરોધો, વિઘ્નો ચલાયમાન નથી કરી શકતાં. જીવનની વિષમતાઓની વચ્ચે એ સુખદ શાન્ત સ્મિત કરી શકે છે. એનો જીવનપ્રવાસ હળવો બને છે.

એવા માનવનું વદન પ્રસાદનું—પ્રસન્નતાનું સદન હોય છે. એમાંથી પ્રસન્નતાનો પ્રાદુર્ભાવ થાય છે. એવું જીવન કેટલું બધું ઉત્તમ લાગે? એવી પ્રસન્નતા કોઇક બડભાગીને જ મળે છે.

એક વેપારીભાઇ કહેતા કે હું સદા પ્રસન્ન રહું છું. મારા જેવો પ્રસન્ન માનવ બીજો કોઇ નથી. પરંતુ એ પ્રસન્નતા કેટલી બધી અસ્થાયી હતી તેની ખબર એમને થોડી વારમાં જ પડી ગઇ. વેપારમાં મોટી ખોટ જવાથી એમનું જીવન નીરસ બન્યું, એ શોકમગ્ન બની ગયા અને આત્મઘાત કરવા તૈયાર થયા. એમને જીવનનો ત્યાગ ના કરવા માટે પુષ્કળ સમજાવવા પડ્યા. બીજા એક ભાઇ લગ્ન પ્રસંગે ખૂબ જ સુખી દેખાયા અને પ્રસન્નતાથી પુલકિત બનીને ફરવા લાગ્યા. સમસ્ત સંસારમાં સૌથી વધારે સુખી એ જ હોય એવું લાગવા માંડ્યું. પરંતુ લગ્ન પછી થોડેક દિવસે એમની પત્નીનો સ્વર્ગવાસ થતાં એમની પ્રસન્નતા ટળી ગઇ. એ અતિશય શોકમગ્ન બની ગયા.

સાનુકૂળ સંજોગોમાં તો પ્રસન્ન રહી શકાય છે. પરંતુ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પ્રસન્નતાથી પુલકિત બનવાનું છે. એવી કળામાં કુશળ થવાનું છે. તમારા મુખમંડળ પરનું સ્મિત એક મહાન મૂડી છે, એને સૂકાવા ન દેતા. અને સદાય સાચવી રાખજો. એનું સંવર્ધન કરજો.

○



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૨૭ એપ્રિલ—૨૦૦૬ અંક ૭**

# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**તા. ૨૬—૧૧—૮૧ ગુરુવાર, કારતક વદ અમાસ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : ક્લોવીસથી સાન એન્ટોનીયો, અમેરિકા.**

આજે વિદાય લેવાની હતી. સવારે ઝડપથી નિત્ય કર્મમાંથી નિવૃત્ત થવાનું બન્યું. દૂધ પીતા પહેલાં શ્રી ગુલાબબેનની ફરી મુલાકાત થઇ. એમણે વાતવાતમાં કહ્યું, 'આપની જનની તો મહાજનની બની ગયાં. આપ ખૂબ આગળ વધી ગયાં. અમને પણ પ્રેરણા આપતાં રહેજો.' સર્વેશ્વરીનાં તેઓ સ્વજન ગણાય છે. ગુલાબબેનને સર્વેશ્વરીએ કહ્યું, 'આપ તો 'અધ્યાત્મ'ના પણ આજીવન સભ્ય થયાં છો જેથી આપણો સંપર્ક ચાલુ રહેશે.'

ગુલાબબેનની ભાવના એવી હતી કે તેઓ સર્વેશ્વરીની સાથે હજી રહે. પણ એ અશક્ય હતું. કારણ તેઓ પણ હજારો માઇલ-થી આ સત્સંગનો લાભ અનાયાસે મેળવવા આવી ચઢ્યાં હતાં. એનો એમને ખૂબ આનંદ હતો.

આજે વિદાય સમયે શ્રી અશોકભાઇ, શ્રી નટવરભાઇ વગેરે સૌએ પૂ. શ્રીને તથા સર્વેશ્વરીને પ્રણામ કરી પૂ. શ્રીના ચરણોમાં સૌએ પોતાની ભાવના પ્રમાણે ડોલરોનાં કવરો મૂક્યાં. પૂ. શ્રીએ એ પૈકી બે કવરો ખોલ્યાં. એમાંના એક કવરમાંથી હજારો ડોલરમાંથી ૧૦૧ ડોલર લીધા ને બીજા કવરમાંથી ૧૧ ડોલર લીધા. વળી બીજા બે કવરો જે યજમાન પરિવારની ગૃહસ્થાશ્રમી દીકરીઓનાં હતાં તે આગ્રહ કરીને બંને દીકરીને બોલાવીને અપાવી દીધાં. એક કવર રહ્યું એમાંથી ફક્ત ૫ ડોલર લઇને પૂ. શ્રીએ સૌને આગ્રહ કરીને આપી દીધા. સૌને એ કવર ફરી સ્વીકારતા દુઃખ થયું. પૂ. શ્રીએ એમને પૂરી સમજ આપી. સર્વેશ્વરીએ ભજન ગવડાવ્યું. પૂ. શ્રીએ પણ ભજન ગવડાવ્યું. સૌએ ફરી પ્રણામ કર્યાં. શ્રી ગુલાબબેન તથા શ્રી અશોકભાઇની આંખમાં આંસુ હતાં.

સૌની વિદાય લઇ અમરેલો એરપોર્ટ તરફ બે કલાકની મુસાફરી શરૂ કરી. માર્ગમાં બાબા નિમકરોલીની વાતો ને ‘કળીમાંથી ફૂલ’ પુસ્તકની વાતો તથા ભજનો થયાં. અમરેલો એરપોર્ટ ૧૨૫ માઇલ દૂર હતું. ત્યાં આવી જવાનું બન્યું. ત્યાં અમેરિકન એર લાઇન્સના પ્લેનમાં બેસવાનું હતું.

આજે શ્રી અશોકભાઇના ઘરેથી વિદાય વેળાએ સર્વેશ્વરીએ ભજન ગવડાવ્યું તો પેલા નાનકડા અઢી વરસના સંસ્કારી બાળક ચિરાગે ખૂબ ડોલવા માંડ્યું! ભજન પૂરું થતાં ઉભો થઇ સર્વેશ્વરી પાસે આવી કહેવા લાગ્યો, ‘તમે ભજન ગાયું તે મને ગમ્યું. ભગવાનદાદા, રામકબીર. જે.’ એમ કહી પૂ. શ્રીને વારંવાર નીચા નમી પ્રણામ કરવા લાગ્યો. વળી કહેવા લાગ્યો, ‘ભગવાનદાદા રહોને, તમે જવાના? રહો ને.’ એને કોઇએ



શીખવવું પડતું ન હતું. એ બાળકના સંસ્કાર જ એવા હતા કે એ એ રીતે જ ધર્મમય જ વર્તન કરતો હતો. એ બાળકને જોઇને લાગે કે કોઇ યોગભ્રષ્ટ આત્મા છે.

અમરેલોથી ડલાસ ૧ કલાકમાં આવી જવાનું બન્યું. ત્યાં પોણો કલાક પછી એક બીજું વિમાન સાન એન્ટોનીયો જતું હતું. તે ત્રણ વાગ્યે મળ્યું. માર્ગમાં સર્વેશ્વરીએ ડાયરીની નોંધ કરી.

ડલાસ વિમાન ઉભુ રહેતાં પૂ. શ્રી પોતાની સીટ પાસે ઉભા હતા. શ્રી ઈશ્વરભાઇ ને સર્વેશ્વરી આગળ ચાલે છે. શ્રી ભગવાનજીભાઇના હાથમાં ટેપરેકોર્ડરનું બોક્ષ છે. શ્રી ભગવાનજીભાઇ પૂ. શ્રીને કહે છે, ‘આપ આગળ ચાલો હું આપને કોઇ ધક્કો ન લાગે તેથી આપની પાછળ ચાલું છું.’ પૂ. શ્રીએ કહ્યું, ‘વેદમાં ઋષિઓએ કહ્યું છે કે કોઇ કઠિયારો લાકડાનો ભારો લઇને જતો હોય તો ઋષિએ તેને પહેલાં જવા દેવો, કારણ તેના હાથમાં ભાર છે. તેમ તમારા હાથમાં વજન છે એટલે તમે આગળ ચાલો, મને કોઇ પાડી નહિ નાંખે.’

વિમાનમાંથી નીકળતાં એર હોસ્ટેસ ‘બાય’—આવજો કહે છે ત્યારે પૂ. શ્રી હંમેશા તેમને ‘હરિઃ ૐ’ કહે છે. તે એર હોસ્ટેસ પૂ. શ્રીના શબ્દોને સમજે કે નહીં સમજે પણ પૂ. શ્રી હમણાં હમણાં ‘હરિઃ ૐ’ જ કહીને બહાર નીકળે છે. પરદેશમાં આવતાં ઘણી વાર હવાઇ જહાજની યાત્રા થઇ. (૧) મુંબઇથી લંડન, (૨) લંડનથી ન્યુ યોર્ક, (૩) ન્યુ યોર્કથી ટોરન્ટો, (૪) ટોરન્ટોથી ન્યુ યોર્ક, (૫) ન્યુ યોર્કથી લોસ એંજલસ, (૬) લોસ એંજલસથી સાન ફ્રાન્સીસકો, (૭) સાન ફ્રાન્સીસકોથી ડલાસ, (૮) ડલાસથી અમરેલો, (૯) અમરેલોથી ડલાસ, (૧૦) ડલાસથી સાન એન્ટોનીયો.

સાન એન્ટોનીયોના એરપોર્ટ ઉપર ઉતરતાં ફરી શ્રી ભગ-વાનજીભાઇએ પૂ. શ્રીને કહ્યું, 'આપ આગળ ચાલો, હું પાછળ રહું છું.' પૂ. શ્રી : 'ના, તમે આગળ ચાલો, હું પાછળ છું. તમારી કાળજી રાખીશ. મોક્ષસુધી પહોંચાડવાની કાળજી રાખવાની છે.' એ શબ્દો સાંભળી સર્વેશ્વરીએ હસતાં હસતાં શ્રી ભગવાનજીભાઇને કહ્યું, 'આપ કાલથી જપ કરવાના મૂકી દો.' પૂ. શ્રી હસતા હસતા કહેવા લાગ્યા, 'ના એવું નહીં ચાલે.' ભગવાનજીભાઇને પૂ. શ્રીએ જ મોક્ષની વાત કરી તેથી આનંદ થયો.

એરપોર્ટ ઉપર બે ભાઇઓ લેવા આવ્યા હતા. પોણો કલાકની મુસાફરી પછી ઉતારા પર આવી ગયા. સાન એન્ટો-નીયોના મેઇન રોડ ઉપરના વિસ્તારમાં એક મોટેલ હતી. ત્યાંના ૨૭ નંબરનો ઓરડો, જે યજમાન પરિવારની પાસે જ હતો ત્યાં ઉતારો થયો. ઓરડામાં બે પલંગો, બે સોફા વગેરે હતું.

આજે ઉતારા ઉપર જ એક હોલ જેવો વિભાગ હતો ત્યાં પૂ. શ્રીએ પ્રવચન આપ્યું. જેમાં 'માનવ જન્મનું મહત્ત્વ' એ વિષય હતો. પ્રવચન બાદ ભજન, ત્યાર બાદ આરામ.

આજે સવારે નવ વાગ્યાથી મુસાફરી શરૂ થઇ હતી તે પાંચ વાગ્યે પૂરી થઇ. જેથી આરામ મળ્યો ન હતો. જેથી ડાયરીનું લેખન કરી આરામ કર્યો.

આજે ક્લોવીસથી વિદાય થતાં પહેલાં શ્રી ગુલાબબેને સર્વેશ્વરીને શિષ્ટતાપૂર્વક પ્રણામ કરી સાડી અર્પણ કરી. પરંતુ સર્વેશ્વરીએ તેને પ્રસાદીરૂપે ફરી પાછી આપી દીધી. વળી પૂ. શ્રીને પણ એક કવર અર્પણ કર્યું. જેમાં જે પૈસા હતા તેમાંથી ૫



ડોલર રાખીને આપી દીધા. તેમાં એક પત્ર હતો. જેમાં નીચે મુજબનું લખાણ હતું. હરિઃ ૐ

તા. ૨૬–૧૧–૮૧

પૂ. સંત શિરોમણિ પ્રભુતુલ્ય યોગેશ્વરજી,
વંદનીય જગત જનની સર્વેશ્વરી માતા,

તમારા પ્રત્યક્ષ મિલનથી, પવિત્ર દર્શનથી હૃદયમંદિરમાં આનંદની હેલી આવી. પ્રભુભક્તિ તરફ શ્રદ્ધા વધી. પૂ. શ્રીની વાણીને સાંભળવાનો લ્હાવો મળ્યો. પૂ. માની તપશ્ચર્યા, એમના અનુભવો એમના મુખે સાંભળવા મળ્યા. પ્રવચન આપતા એમના મુખની કાન્તિ, ભાવ સાક્ષાત્ જગદંબાનું દર્શન કરાવે. મનને એવું થાય કે કાયમ એમના સહવાસમાં રહેવાનું સદ્ભાગ્ય મળે તો સારું. પરંતુ એવું બડભાગ ક્યાં છે? એમનો જન્મ અમારા કુળમાં થયો. એમણે કુટુમ્બને ધનભાગ્ય બનાવ્યું. હું પણ એ કુટુમ્બમાંથી આવી હોવાથી ખૂબ જ ગૌરવ અનુભવું છું.

તમારા બે દિવસના સમાગમથી પણ મને ખૂબ આનંદ છે. પૂ. શ્રીની સચોટ, સરળ ને હૃદયસ્પર્શી વાણી સાંભળ્યા જ કરીએ એવી ઇચ્છા થયા કરે. ફરી પ્રત્યક્ષ મિલનનો યોગ ક્યારે થશે? તમારી કૃપાથી હૃદયગ્રંથિ ખુલે અને જીવનમાં પ્રભુ-ભક્તિમાં નિયમિત બનાય એવી શુભ ભાવના તમારી કૃપાથી પૂરી થાય.

મારી કમનસીબી છે કે મારા ઘરઆંગણે કોઇ સંતોનાં પુનિત પગલાં પડ્યાં નથી. એક અંતરની ઇચ્છા હતી કે તમે અમારે ત્યાં આવો, તમારી સેવાનો લાભ અમને મળે. જીવનના સહ-પ્રવાસી તથા બાળકો તમારા દર્શનનો લાભ લે. તમારી અમૃત-વાણી સાંભળીને જીવનમાં કંઇક નવું પ્રાપ્ત કરે, પોતાને પાવન કરે. પરંતુ દિલગીર છું કે એ યોગ નથી. એટલી પાત્રતા નહીં હોય.

સાચા દિલથી ઝંખું છું કે તમે દૂર છતાં પાસે છો એવો અનુભવ થાય ને તમારી કૃપાદૃષ્ટિ ને પ્રેરણા મળે. મારે કોઇ ગુરુ નથી. એકલવ્યની જેમ દીક્ષા નથી લીધી છતાં તમને જ મનથી ગુરુ માનીશ. તમે કૃપા વરસાવશો ને?

તમારા દર્શનનું સદ્‌ભાગ્ય જે ભાઇઓ થકી મળ્યું તેમની હું આભારી છું. આ અવનિ પર વસેલા માનવકુળોમાં દિવ્ય પ્રકાશ ને પ્રેમ રેલાવવા પ્રભુ તમને બંનેને લાંબુ, સુખી ને તંદુરસ્ત જીવન અર્પે એવી પ્રભુને પ્રાર્થના.

લિ. તમારી કૃપાને ઝંખતી **ગુલાબબેન**ના ભક્તિભાવથી પાયલાગણ.

આ પત્રમાં વ્યક્ત થયેલા અંતરના સાચા ભાવો વાંચી થયું આ પત્રને નોંધપોથીમાં મૂકું. સર્વેશ્વરીના કુળની એક વ્યક્તિ સર્વેશ્વરીને સમજે ને ગૌરવ અનુભવે એ આનંદની ને મહત્ત્વની વાત માની શકાય.

એ જ કુળના શ્રી ઈશ્વરભાઇ, જેઓ વરસોથી સર્વેશ્વરીને સાધનાત્મક રીતે સમજે છે, સહકાર આપે છે અને પૂજ્યભાવે જુએ છે. સર્વેશ્વરીથી ઉંમરમાં ઘણા મોટા છે, છતાં સર્વેશ્વરીને પ્રેમપૂર્વક નીચા નમી નમસ્કાર કરવામાં નાનમ અનુભવતા નથી, અને અમેરિકાના આ વિસ્તારમાં ભક્ત સમાજમાં જ પ્રવચનો માટે જવાનું બને છે ત્યારે ત્યાં પણ તેઓ પૂ. શ્રીના પરિચય સાથે સર્વેશ્વરીનો પરિચય પણ આપતા કહે છે, ‘આ ભક્ત સમાજનું ગૌરવ છે. એમના તપશ્ચર્યા યુક્ત જીવનનો હું સાક્ષી છું. એમની અધ્યાત્મની વાતો તેઓ મને પણ કરતાં. એમના સાધનાત્મક જીવનને નજીકથી જોવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે. એમના મુખે આપણે એમના અનુભવ સાંભળીએ.’ વગેરે વાતોથી તેઓ અંજલિ આપવામાં ગૌરવ અનુભવે છે.



અમેરિકાની આ ધરતી પર સત્સંગ પ્રવાસ ચાલી રહ્યો છે. ઈશ્વરની પરમકૃપા છે. સર્વેશ્વરીનો સમ્યક પ્રકારે પરિચય થાય એવું પૂ. શ્રી ઇચ્છે છે, ને શ્રી ઈશ્વરભાઇ એમાં પોતાના શ્રેષ્ઠ આચરણ ને વાણીદ્વારા અંજલિ આપી સવિશેષરૂપે મદદરૂપ થાય છે. ઈશ્વરભાઇએ ‘અધ્યાત્મ’ના પ્રચાર માટે પૂ. શ્રી અહીં આવે તે પહેલાં પ્રયત્ન કર્યા હતા. વળી એમનો સંકલ્પ હતો કે (સર્વમંગલ ટ્રસ્ટ, પૂ. શ્રીનું સ્થાપેલું) ‘અધ્યાત્મ’ માસિકના પરદેશમાં ૧૦ આજીવન સભ્ય હું બનાવું. ને ઈશ્વરની કૃપાથી તેમનો સંકલ્પ પૂર્ણ થવાની તૈયારી પર છે. એ રીતે અધ્યાત્મને મદદરૂપ બનવાનું સત્કર્મ ચાલે છે. હરિઃ ૐ

(ક્રમશઃ)

માણસ પાસે કેટલી વસ્તુઓ છે, તેના પર નહિ, પણ તે કેટલી વસ્તુઓ વિના ચલાવી શકે છે, તેના પર તેની સમૃદ્ધિનો આધાર છે. **— યોગેશ્વરજી**


**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

મારી નજરે—

# મારાં પૂ. શ્રી શ્રી મા સર્વેશ્વરી

આશા ભક્ત

પ્રકાશના પૂંજ શ્રી ગુરુદેવ પ્રભુ.

પૃથ્વી ઉપર ફક્ત વ્હાલ વરસાવવા માટે જ જેમનું અવતરણ થયું છે એવાં અમારાં પ્રિય મા,

શત શત વંદન કરીને હું મારા શબ્દો શ્રીમાની એક માત્ર પ્રસન્નતા માટે જ બોલીશ.

શ્રીમાનું અવતરણ સમસ્ત સૃષ્ટિના કલ્યાણઅર્થે જ થયું છે. એમનાં કાર્યોરૂપી કસ્તૂરીની સુગંધ કેમેય છૂપી રહી શકતી નથી, અને શ્રીમાને પ્રસિદ્ધિમાં લેશમાત્ર રસ નથી. છતાંય એ સત્કાર્યોની સુગંધ સમસ્ત સૃષ્ટિમાં વ્યાપ્ત જોઇ શકાય છે— અનુભવી શકાય છે.

શ્રીમાની આંખો—સવાર, સાંજ, રાત્રિએ અરે! આઠે પ્રહર એના શ્રીહરિને જ જુએ છે, છતાં એઓ અમને સાંભળે, સંભાળે એઓ વ્હાલનું વાદળ થઇ અમારા મનઅંતરે એવાં છવાઇ જાય કે અમારી ગ્રંથિઓ બધી આપોઆપ છૂટતી જાય અને કૃપાનો ઉજ્જ્વલ પ્રકાશ બનીને, અમારી અંદર રહી અમારી દુનિયા પ્રકાશિત કર્યા કરે છે.

અમારાં શ્રી મા સાવ નાનકડાં છે, પણ એમની આંખો હીંચકાં ઉપર બેઠી બેઠી ત્રણે ભુવનમાં ડોકિયું કરી લે. અને અમે આ ધરા ઉપર કોઇક ખૂણે—જરા પણ દુઃખી હોઇએ, મુશ્કેલીમાં હોઇએ, કે અમારા વિચારોમાં પણ જરા સરખી



વિકૃતિ આવે, તો એ મા સૂર્યકિરણ કરતાં પણ વધુ ઝડપથી અમારી પાસે આવી જાય. પછી એ રૂપ સ્થૂળ હોય કે સૂક્ષ્મ, અમારી નિરંતર સુરક્ષા—સંરક્ષણ કર્યા કરે છે. અહીં આવીને શ્રી માને જ્યારથી જોયાં, બસ પ્રેમસ્વરૂપા—કરુણારૂપા અને પ્રેમ-રૂપી સત્કાર્યોમાં રચ્યાંપચ્યાં જોયાં, છતાં એમનાં અંતરંગ નિયમોમાં લેશમાત્ર ફેર નથી કર્યો. એમના સકળ અસ્તિત્વને શ્રી માએ જાણે ઓગાળી દીધું છે, જે કાંઇ છે તે શ્રીહરિનું—અને બહાર અમને જે દેખાય તે અમારા માટે, જાણે એમનું પોતાનું કાંઇ નહીં. એક મા પોતાનાં બાળકોને બધું વ્હેંચી દે તેમ શ્રીમા અહીં પોતાનો પ્રાણ નિચોવી દે છે આપણાં બધા માટે. હે પ્રિય!... આપના સ્નેહનું આ ઋણ અમારા માથે જન્મોજન્મ રહેશે... અનંતકાળ સુધી જેનો નાશ નથી એવા સ્નેહનું આપની પાસેથી અમે દાન પામ્યાં છીએ, પ્રણામ... હે પ્રિય વારંવાર પ્રણામ.

અમારાં શ્રી મા દક્ષ અને ચતુર સુજાણ છે. બાળકોના મનની કમાન જે ક્યારેય સીધી નથી રહેતી તેને એ બેઠાં બેઠાં મૌન રહી સીધી રાખે છે અને આ કાંઇ જેવું તેવું કામ છે? અમારા મનના જાતજાતના અને ભાતભાતના અહંકારને ધોઇને શ્રીચરણે વાળીને એને ઠારી દેવું આ કામ કેવું કપરું છે. તે તો અમે સૌ અમારા નાનકડા ઘરમાં અમારા દીકરા—દીકરીના પ્રશ્નોના જવાબ આપીએ ત્યારે—અજયની મીઠી ભાષામાં કહું તો વાંધા પડી જાય છે અને જવાબ આપ્યા પછી પણ એ નાનકડાઓ અમારી વાત માનશે જ, એવું નક્કી નથી. તો અહીં તો અમે હજારોની સંખ્યામાં છીએ અને અમને સૌને પોતપોતાની રંગબેરંગી વિચાર ખોપરીઓ છે. છતાંય શ્રી મા

અમને સૌને બરાબર સાચવી રાખે. સ્થિર રાખે છે. અરે, આ કામ કોણ કરી શકે?

શ્રીમા પાસે હંમેશાં કશુંક નવીન જાણવા અને શીખવા મળે છે. એઓ સતત વ્હેતી ગંગાધારા જેવાં છે, સ્ફટિક જેવાં છે. અરે! પારસમણિ છે—એમના સંસર્ગમાં આવનારને પણ એવાં જ બનાવી દેવાની જબ્બર ક્ષમતાવાળાં. એઓ નમ્ર અને સ્વચ્છ વર્તન—વિવેકનાં આગ્રહી છે. એમને હંમેશાં અમે અતિનમ્ર જોયાં છે, અદ્‌ભુત વિવેકદષ્ટિ છે શ્રીમાની. આપણા હૃદયમાં પરમાત્મા પ્રત્યે થોડી પણ ચાહત હોય તો એ પ્રિય આપણને ગમે ત્યાંથી શોધી કાઢે છે. શ્રીમાએ જ અમને સૌને પ્રભુનો સન્માનપૂર્વક આદર કેમ કરાય તે શીખવાડ્યું. શ્રીગુરુદેવ પ્રભુને નિહાળવાની એક દૃષ્ટિ અમને અને અમારા કર્પૂરવનનાં નિવાસીઓને આપી. અરે! અમે સૌ શ્રીગુરુદેવ પ્રભુનાં દર્શન એકમાત્ર શ્રીમાનાં હોવાથી જ પામી શક્યાં. એમણે અમને આપેલી વિવેકપૂર્ણ દૃષ્ટિને કારણે જ અમે સૌ અમારા પરમપિતાનો આ 'પ્રકાશના પંથે'નો ઈતિહાસ સરળતાપૂર્વક સમજી શકીએ છીએ.

આપણે શાસ્ત્રોમાં સંજીવનીમંત્રની વાતો વાંચીએ છીએ. બોલીએ છીએ અને સમજીએ છીએ કે આ વિદેશ અતિગૂઢ અને રહસ્યમયી હશે. પણ એનો પ્રયોગ શ્રીમાએ કોઈ મંત્ર બોલ્યાવિના કોઈ સામગ્રીવિના અમારી પાસેથી કોઈ ફી લીધા વિના, એ સંજીવનીમંત્રની સ્નેહશક્તિ અમારી ઉપર સાબિત કરી દીધી. મંજુલામાસી, દોહત્રીબેન અને હું. અમે શ્રીમાની એ સ્નેહશક્તિથી જીવંત બનેલાં ખંડેરમાંથી નવનિર્માણ પામેલાં શિલ્પ છીએ. હે પ્રિય મા, આપની આ પ્રસાદીમાં મળેલી



હિંમત અમારો સંગાથ અનંતકાળસુધી ધર્યા કરશે અને અમે આપની સિંહણો આ દુનિયાના પ્રશ્નોનાં જંગલમાં પણ આપની કૃપા પામીને આનંદથી પૃથ્વીના ખૂણે ખૂણે નિર્ભયપણે વિચરણ કર્યા કરીએ છીએ, કરીશું એ આપની જ સારસંભાળ અને સ્નેહનું પરિણામ છે.

પ્રણામ, હે પ્રિય વારંવાર પ્રણામ.

પૂ. શ્રી માને નિકટતાથી આંખ ખુલ્લી રાખીને જોઈએ તો એઓ અતિબહાદુર છે... જેઓને હાર શું છે તે ખબર જ નથી... અને અશક્ય શબ્દ પણ એમની આસપાસ પણ ક્યાંય નથી. ડીક્શનરીમાં ક્યાંય નથી. એમના નિર્ણયોમાં, વ્રતોમાં, તપમાં એઓ હિમાલય સમાન અડગ અને એવાં જ ઊંચાં છે. એમને કોઈ ડગાવી ના શકે અને એ ઊંચાઈને પ્રાપ્ત કરવા અન્યને વિચાર્યા જ કરવું પડે. સતત થતાં નિર્જળાવ્રતથી એમની સહનશક્તિનો ખ્યાલ આવે છે. શ્રી દશરથાચલ પર્વતની યાત્રા એમની સાહસવૃત્તિની છડી તો પોકારે જ છે, પણ સાથોસાથ એમનો શ્રી ગુરુદેવપ્રભુ પ્રત્યેનો પ્રગાઢ પ્રેમ સિદ્ધ કરે છે. સ્વર્ગારોહણનું આ કામ શ્રીમા કલ્યાણી બનીને એવી રીતે સંભાળી રહ્યાં છે કે જોનારા આશ્ચર્ય જ વ્યક્ત કરી શકે અને નતમસ્તક થઈ વંદી રહે!... ધર્મ, મોક્ષ, સ્નેહની ત્રિવેણી આ દ્વારેથી વહી રહી છે જાણે. નિત્ય, રોજ, રોજ નિયમિત પ્રભુને આટલી સંખ્યામાં પ્રણામ પુષ્પ ધરવાં એ કાંઈ જેવું તેવું કાર્ય છે! અને એક્સીડન્ટ થયા પછીનાં શ્રી મા એક દાખલો છે આપણાં સૌનાં માટે... શ્રીમા શરીર પાસે પણ ધાર્યું કામ કરાવી શકે છે. ભયંકર પીડાની વચ્ચે પણ શ્રીમાના હોઠોએ હસવાનું કદી બંધ નથી કર્યું. દેહની સામાન્ય દશામાંથી

દેહાતીત દશા પામનાર છતાંય રમૂજ આનંદવૃત્તિથી અમારા સૌનાં મન મોહી લેનાર, હે પ્રિય મા, અમે સૌ સદાકાળ આપને ચાહી શકીએ એવું વરદાન અમને આપજો.

શ્રીમા સર્વગુણસંપન્ન છે. બાળકોને એની માતા અતિવ્હાલી લાગે. અમને પણ હે મા, તમે ખૂબ અદ્‌ભુત, સાથે જ સરળ અને સહજ—અતિશય મમતાથી છલોછલ, એકમાત્ર અમારા બાળકોની ખુશી માટે જ મલકતાં દેખાવ છો. અમે આપના હૈયે અમારા હિત સિવાય બીજું કાંઇ જોયું જ નથી, જે માતૃસ્વરૂપ પરમાત્માને શ્રી પ્રભુએ ખૂબ ચાહ્યું—ખૂબ વ્રતો કર્યાં—ઉપવાસો અને આકરી તપશ્ચર્યા કરીને એ પ્રેમસ્વરૂપા મા ભગવતી સર્વેશ્વરી માતારૂપે અમને આપ્યાં. જેમ શ્રી ભાગીરથે ગંગાજીનું અવતરણ પૃથ્વી ઉપર કરાવી સદીઓથી પૃથ્વી ઉપર એમના પ્રબળ—પ્રગાઢ સ્નેહથી જ લઇ આવ્યા, અને એ મા અમારા સૌનો આધાર છે અમારા જીવનનું કેન્દ્રબિંદુ છે. અને એમનો સ્નેહ પામીને જ અમે સૌ ખીલી રહ્યાં છીએ. આપના સ્નેહ-બાગનાં સુંદર પુષ્પો બનવાનું સદ્‌ભાગ્ય અમને આપજો. હે પ્રિય, એ જ પ્રાર્થના.

અમારાં શ્રીમાનું મૂળ શિક્ષણ છે, પોતે શિક્ષક, આચાર્ય સાથે જ ખૂબ સાક્ષર છે. એમની વાણી, એમનો અવાજ એ વાતની સાક્ષી પૂરે છે. એમની લેખીની ગંગોત્રીની માફક નાનકડું મુખ છે પણ વાંચવાથી બ્રહ્માંડ સુધી વિસ્તાર પામતી નિહાળી શકાય છે. આ વાત શ્રીમાની ડાયરીમાં પ્રભુદર્શનનો એમનો એ શબ્દોમાં વ્યક્ત થતો પ્રવાહ જોઇ જાણી શકાય છે. હે પ્રિય મા, અમે આપના બાળકો થોડાં આડાં છીએ, અમે સમજી શકતાં નથી. જ્ઞાન પામી શકતાં નથી. આપની પાસે



હોવા છતાં, હે પ્રિય, આપની આજ્ઞાથી અમને પણ પુસ્તકોનાં રસપાન કરવાનું મન થાય એવું કરજો. અમે પણ પૂ. શ્રી પ્રભુના વિપુલ સાહિત્યને વાંચતાં શીખીએ, સમજતાં શીખીએ અને એ પ્રમાણે જીવતાં શીખીએ. અમારી દૃષ્ટિને નવો ઉઘાડ આપની આજ્ઞાથી જ મળી શકશે. અમે દર ૬ મહિને ૧ પુસ્તક તો વાંચીએ જ, એવું કાંઇક કહેજો. જેથી અમે એ કરી શકીએ. આપની આજ્ઞાથી જ અમે એ વાંચી શકીશું. જો અમે બાળકો જ માતા—પિતાના સાહિત્યને—જીવનને ના ઓળખીએ તો અન્યને શું કહીશું? તો હે પ્રિય! અમારા સર્વાંગી વિકાસમાં સહાયક થજો. અમારી ત્રૂટિઓને દૂર કરજો અને અમે આપની સેનાના સાચા સૈનિક બની શકીએ એ માટે સહાય કરજો. હે પ્રિય! અમારી બુદ્ધિને સદ્‌બુદ્ધિ બનાવી દેજો. અમને ચારિત્ર્યવાન, ગુણવાન, શીલવાન બનાવજો જેથી અમને નિત્ય આપનાં પ્રીતિપાત્ર રહેવાનું સદ્‌ભાગ્ય મળે.

શ્રીમા ગુરુભક્તિની નિરંતર પ્રજ્વલિત રહેતી મશાલ છે. જેણે સૌના હૈયામાં ભક્તિની અનશ્વર ચિનગારી પ્રગટાવી દીધી છે. સાચે જ, શ્રી મા પ્રેમ અને ભક્તિનું અણિશુદ્ધ પરિપૂર્ણ સ્વરૂપ છે.

શ્રીમા અત્યંતકુશળ સંચાલક છે. દરેક કાર્યક્રમો એમની આજ્ઞા અને એમની તીક્ષ્ણ નજરની નીચે જ થાય છે, એટલે જ સઘળા કાર્યક્રમો એકદમ સુનિયોજીત, શ્રેષ્ઠ અને મનોરમ્ય બને છે, અને અત્યંત સુસંસ્કૃતસ્વરૂપે રજૂઆત પામી રહે છે. એમની અતિશય તીક્ષ્ણ સૂઝબૂઝનું આ પરિણામ છે.

શ્રીમા અખંડ અને અસ્ખલિત રીતે વ્હેતું દયાનું એવું ઝરણું છે, જે બાળકની જરૂરિયાત પ્રમાણે ગતિ બદલીને બાળકનું

સંપૂર્ણ કલ્યાણ ના થાય ત્યાં સુધી જંપતુ નથી, અને જરૂરિયાત પૂર્ણ થયે વળી કોઇ બીજી દિશાએ... આમ એકમાત્ર બાળકો માટે શ્રેયની જ ઝંખના કરતી હે કલ્યાણી સ્વરૂપા મા, અમારા અંતઃકરણમાં આપની મૂર્તિ નિત્ય પ્રતિષ્ઠિત રહો.

હે મા, આપ તો શ્રી પ્રભુ તરફથી બાળકોને પ્રાપ્ત થયેલું એક પ્રેમભર્યું દાન છો, વરદાન છો, આપની છત્રછાયા અમારો અમૂલ્ય ખજાનો છે. એનાથી જ અમારા સૌનું જીવન સમૃદ્ધ બને છે. અમારી જીવનયાત્રામાં નિત્યનો આપનો સંગાથ એ જ અમારી મૂડી છે, શ્રીમા પ્રેમ, પ્રેમ અને બસ પ્રેમસ્વરૂપ છે, છતાંય અમારી ભૂલો પ્રત્યે આપની લાલ આંખો રહે છે. એઓ અમારી ભૂલો માટે ક્યારેક કડક થઇ કહે છે ખરાં! પણ એ અમારા જ હિતમાં હોય છે. અમારા સુધાર માટે જ એ બને છે. એમનો એ શિક્ષાદંડ અમારી આસપાસ અમારા કલ્યાણ માટે જ વીંઝાય છે. અને મા અમારી એ ઉણપ દૂર કરીને જ જંપે છે. અને સંસારની આસક્તિ તો છોડાવી જ દે છે. અરે! મનમાં કદીક લાલચ, લોભ, કપટ એક ક્ષણ માટે પણ આવે તો એમનો સ્નેહ સાવરણીનું સ્વરૂપ લઇ લે અને એને સાફસૂફ કરી અંતરની બહાર ક્યાંયે ફેંકી દે દૂર... જ્યાંથી એનો પ્રવેશ કદી શક્ય ના બને!! હે પ્રિય મા, અમ સૌ બાળકોને તમારા સ્નેહની નાની સ્વચ્છ, શુભ—ધવલ નિર્મલ આવૃત્તિ સમાન બનાવી દેજો ને!...

હે મા, આપનાં તો હજારો—કરોડો સ્વરૂપો છે મારા એક જ મુખથી અને નાની મતિથી આપને પૂર્ણપણે કેમ આલેખી શકું? આપ સાચે જ નેતિ... નેતિ... છો પણ હે સ્નેહસ્વરૂપા મા— આપનો સ્નેહ અસ્ખલિત ધારાએ અમારી ઉપર નિત્ય વરસતો રહે એ જ પ્રાર્થના.



ફરી એકવાર શ્રી ગુરુદેવપ્રભુને થેંક્યું... આવી હેતાળ અને સમર્થ મા આપવા બદલ... હે પ્રિય મા, અમને સૌને આપનો અખંડ અનુરાગ અને અનુગ્રહની ભિક્ષા દઈને કૃતકૃત્ય કરજો. પ્રણામ...પ્રણામ...


એ માણસ સૌથી શ્રીમંત છે, જેનાં સુખો સૌથી સસ્તાં અને જેની જરૂરિયાતો સૌથી ઓછી છે.

આત્માની જરૂરિયાતો ખરીદવા માટે પૈસાની જરૂર પડતી નથી.

—મહાત્મા થોરો

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮

મોબાઇલ : ૯૮૨૪૭૦૪૦૯૭

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

પૂ. યોગેશ્વરજી રચિત

# પ્રકાશના પંથે ગ્રંથનું પ્રકાશન પર્વ

ડો. બી. જે. જાગાણી

## ભવ્ય ઉજવણી—૩

'પ્રકાશના પંથે' ગ્રંથના પ્રકાશન પર્વનો ત્રીજો દિવસ તા. ૨૬—૧૨—૨૦૦૫ સત્કર્મો ને સત્સંગની સરવાણી લઈને ઊગ્યો. પ્રભાતે ગુરુબાવનીનું સંકીર્તન ભક્તોને પૂ. મા સાથે પ્રણામ વંદના માટે લાવે છે. કેસેટની પ્રાર્થનાઓ સાથે સમૂહમાં પૂ. માની સંનિધિમાં સૌ પ્રણામ વંદના કરે છે. પૂ. માનું દર્શન કરતાં કરતાં પ્રણામ કરવા એ અનેરો લ્હાવો છે. શિયાળાની કડકડતી ઠંડી છે. પ્રણામ વંદના પૂરી થાય એટલે બીચારી ઠંડીનું આયુષ્ય પણ પૂર્ણ થાય છે ને સૌ માના દર્શનથી ધન્યતા અનુભવે છે. પ્રણામ વંદના પૂર્ણ થાય છે.

નાસ્તો કરીને સૌ ભક્તો મંચ પાસે આવે છે, તો દૃશ્ય બદલાઈ જાય છે, જાણે વર્ષા પછી ઉઘાડ. સ્ટેજ પાસે ટેબલ પર સ્વેટર, દફતર, કંપાસ, ટોપી, સ્લીપર, ગ્લાસ, સ્કાર્ફ, પેન્સિલ, રબ્બર, પ્રસાદ ને ચોકલેટ મૂકવામાં આવે છે. કંગારા, વિરમદેવી ને પાડલિયા સ્કૂલનાં ૨૭૪ બાળકો સ્ટેજ સામે શિસ્તબદ્ધ ગોઠવાઈ જાય છે.

શિવમ્, ચિન્મય, શૂકન, આદિત્ય, સુકૃતિ અને વૈષ્ણવી આ બાળકોને સ્વર્ગારોહણનાં નાનાં બાળભક્તોના હસ્તે પૂ. માના માર્ગદર્શન હેઠળ વિવિધ દાનની વસ્તુઓ અપાય છે. જેના તરફથી દાન અપાયું છે તે સર્વ ભક્તો ડો. અરુણાબેન, ગીતાબેન, શિવમ્, સુશીલાબેન, ને સ્વર્ગારોહણના યુવાભક્તો



સ્કૂલનાં બાળકોને પ્રેમપૂર્વક વંદન કરતાં જાય છે ને દાન આપતા જાય છે. મનમાં એવો ભાવ છે કે તમે દાન સ્વીકાર્યું એટલે તમારો આભાર.

આ બાળકો સ્વર્ગારોહણતીર્થમાં દાખલ થયાં ત્યારે ખૂબ ઠંડી હોવા છતાં કોઈના શરીર પર ગરમ સ્વેટર ન હતું. પગમાં ચપ્પલ પણ ન હતાં. શિયાળાની ઠંડીમાં ઠૂઠવાતાં હતાં. અંગ ઉપર ગરીબાઈ કેવી કારમી હોય, તેનું દર્શન આ બાળકોને જોતાં થાય છે.

પૂ. મા સૌને સ્વેટર, ટોપી સેવક ભક્તોની મદદથી પહેરાવી દે છે, જાણે કે બાળકોનો નવા વસ્ત્રોમાં નવો જન્મ! લાલ સ્વેટર ને એવી જ ટોપીમાં સજ્જ બાળદેવોની વચ્ચે પૂ. મા ઊભાં છે. ગ્રૂપ ફોટો લેવાય છે. કતારબંધ બાળકો સ્વર્ગારોહણતીર્થના દ્વારે પસાર થાય ત્યારે જાણે એમ લાગે છે કે સ્વર્ગારોહણની કોઈ શાળાનાં બાળકો સ્કૂલ પૂરી કરીને ઘેર જતાં હોય, તેવું દૃશ્ય ખડું થયું છે. ઘેર જશે તો મા—બાપ પણ આ નવાં વસ્ત્રોમાં પોતાનાં બાળકને ઓળખશે કે કેમ? કેવું આશ્ચર્ય સર્જાશે?

સતત સંકીર્તન સાથે અપાતું દાન એવો માહોલ ઊભો કરે છે કે દેવ—પુરુષો જ દેવોને દાન કરતા ના હોય! વચ્ચે પૂ. માની હાજરી ને ભક્તોનું વૃંદ. સુકૃતિના સૂરીલા કંઠે ગવાતું પૂ. મા રચિત પદ 'સર્વેશ્વરીના નાથ, રૂપ ધરે છે માત' વાતાવરણને ભક્તિભાવથી ભરી દે છે. દિશા પણ 'હરિ નામને ગાવાનો મને રંગ લાગ્યો' ગાઈને આ બંને ભક્ત સખીઓ સૌને ભક્તિરસમાં તરબોળ કરી દે છે. બાળકો સાથે આવેલા શિક્ષકોને પણ પૂ. મા યથાયોગ્ય ભેટ—પ્રસાદ આપીને ધન્ય કરી

દે છે. દાતા—દાનીનું ઐક્ય ને ભક્ત—ભગવાનનું મિલન એ જ એક માહોલ આજે અહીં જણાતો હતો. સૌને પોતાની ઇચ્છા મુજબનું સર્વકાંઇ મળ્યું હોય, એની પ્રસન્નતા સહુના મુખ ઉપર જણાતી હતી.

હવે જ્ઞાનયજ્ઞની બેઠક શરૂ થાય છે. ડો. પારુલબેન માંકડ 'યોગેશ્વરજીનો સંતસમાગમ' વિષય પર વક્તવ્ય આપે છે. તેઓ એલ. ડી. આર્ટસ કોલેજમાં ઇન્ડોલોજી વિભાગમાં પ્રાધ્યાપિકા છે. તેઓની વિશેષતા એ હતી કે પૂ. શ્રીનાં દર્શન અને પૂ. શ્રીની અમૃતવાણીનો લાભ આ પ્રોફેસર બહેનને મળેલો છે, એથી એમના પ્રવચનમાં ભક્તોમાં જોવા મળતી ભક્તિસભર નમ્રતા અને શરણાગતિ તરી આવે છે. તેઓના પ્રવચનનો સારભાગ આ અંકમાં સમાવેલ છે.

બપોરનો સમય થયો છે. જ્ઞાનસત્ર આગળ ચાલે છે. ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી વિષયનાં તજજ્ઞ ડો. સલૌની-બેન જોશી 'યોગેશ્વરજીની યાત્રાઓ' પર મનનીય પ્રવચન કરે છે. પ્રવચનનો સારભાગ આ મુજબ છે.

● પૂ. શ્રીએ કિશોરકાળમાં વાંચેલા મહાપુરુષના ગ્રંથોએ પૂ. શ્રીને મહાપુરુષ થવા પ્રેર્યા ને ભોમિયા વિના એકલ પંથે યાત્રાઓ શરૂ કરી.

● યાત્રામાં કુતૂહલતા કે પ્રકૃતિનું પાન જ માત્ર ન હતું, પણ પરમાત્માના સાક્ષાત્કારનું લક્ષ્ય હતું.

● પ્રથમ વખત હિમાલય દર્શન પૂ. શ્રીએ કર્યું તેનું વર્ણન પ્રકાશના પંથે ગ્રંથમાં છે, જે કવિ વર્ડસવર્થને યાદ કરાવી જાય છે.

● દેવકીબાઇની ધર્મશાળામાં સ્વાગતમાં જ જે ગાળોની



વર્ષા થાય છે તેને ઉપાધિયોગને પૂ. શ્રી જાણે સમત્વયોગની પરીક્ષા માની લે છે.

● દેવપ્રયાગ પાસે દશરથપર્વત પર જવાનો સંકલ્પ, સમાધિનો અનુભવ ને પ્રભુના સાકાર સ્વરૂપનાં દર્શન તેઓને ધન્યતા આપે છે.

● ઉત્તરકાશી, ટિહરી, રામતીર્થના સમાધિ સ્થાનની યાત્રાઓ ગંગામૈયાની આરતીનું અતીન્દ્રય શ્રવણ, ગંગોત્રી—જન્મોત્રી કેદારનાથ, અમરનાથની યાત્રાનું વર્ણન વાંચતાં પરમશક્તિની પ્રાપ્તિ માટેની તીવ્રતાની યાદ અપાવે છે.

આલ્મોડા, સોલન, સીમલા, બદરીનાથ, જગન્નાથપૂરી, દક્ષિણેશ્વર કન્યાકુમારી, શિરડી, નર્મદાતટે વિચરણ—વગેરે યાત્રાઓ વખતે પણ એક પંક્તિ મનમાં માર્ગદર્શન ધરતી 'જેસે નાવ ફિરે ચારો દિશ, ધ્રુવ તારા પર રહત નિશાના.'

● પૂ. શ્રીની બાહ્યયાત્રા ને અંતરયાત્રા એક સાથે જ અવિરત ચાલે છે. મુશ્કેલીમાં મળતી સહાય 'રામ રાખે તેમ રહીએ' પંક્તિ પર અતૂટ શ્રદ્ધાનું દર્શન કરાવે છે.

પ્રવચન પૂર્ણ થાય છે. ડો. સલૌનીબેન પૂ. માને પ્રણામ કરે છે. પૂ. મા સંસ્પર્શ કરીને પ્રેમપૂર્વક આશીર્વાદ, પુરસ્કાર ને પ્રસાદ આપે છે.

બપોરની બેઠકમાં જ્ઞાનસત્ર પૂર્ણ થાય છે. સૌ સાધકો ભોજન લે છે. થોડો વિશ્રામ કરી બપોર પછી ગુરુલીલામૃતના બે અધ્યાયનું સમૂહમાં ગાન થાય છે. પૂ. મા પધારે છે. ગુજ-રાત યુનિવર્સિટીના ગુજરાતી અનુસ્નાતક ભવનના પ્રાધ્યાપક ડો. કીર્તિદાબેન શાહ 'પ્રકાશના પંથે એક આત્મકથા' પર વક્તવ્ય આપે છે.

● મહાત્મા યોગેશ્વરજીની આત્મકથા 'પ્રકાશના પંથે' જ્યોતિર્મય છે. તપ, અભ્યાસ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિનો કઠિન માર્ગ પૂ. શ્રી માટે સરળ બન્યો છે. માણસ બીજાને સ્વીકારીને અહમ્ ઓગાળે તેવો માર્ગ બતાવ્યો છે.

● પૂ. શ્રીને થયેલી અનુભૂતિ પૈકી 'તમે નિત્ય છો, મુક્ત છો, સિદ્ધ છો, મારી માયા તમને અડી શકશે નહીં,' વાણી શ્રવણનું આટલું મોટું વચન ક્યાંથી મળે? મનોવિજ્ઞાન નોંધે છે કે આ વાક્યનું પઠન કરે તો મુક્ત થવાય. પૂ. શ્રીએ સાધનાના બાગના માળી બનીને એકલે હાથે સીંચન કર્યું છે.

● પૂ. શ્રીને પ્રાર્થનાના વિજ્ઞાનની માહિતી ન હતી. પણ ઈશ્વર એ માતા છે, હું તેનો બાળક છું એટલી ખબર હતી. પ્રભુના દર્શન ન થવાનું કારણ પવિત્રતા ને પ્રેમ ઓછા હોવાં તે છે. એકાગ્રતા—સ્થિરતા આવે ત્યાં પ્રબુદ્ધતા આવે.

● સીતાશું યશેશચંદ્ર લખે છે કે માણસ 'ચરે, ફરે, ગર્ભ-ધરે, મરે' આ ચાર ક્રિયાપદોમાં જ જીવન પૂરું થઇ જાય છે. આ ક્રિયાપદોમાંથી આપણને બહાર કાઢવા જ મા ને મહાત્માજી અવતર્યાં છે. પૂ. શ્રીએ ગીતા વાંચવાનો નિયમ કર્યો હતો અને સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વાંચ્યાં, વિચાર્યાં અને એ મુજબનું જીવન બનાવ્યું.

● પૂ. શ્રી કોઇ ક્રિયા જોઇને ઉતાવળિયા અભિપ્રાય ન બાંધતા રાગ—દ્વેષ પણ ન રાખતા. પ્રાર્થનાની શક્તિમાં અતૂટ શ્રદ્ધા. તેથી પ્રાર્થનાના બળથી જ વિકટ પરિસ્થિતિમાંથી રસ્તો મળી જતો.

● 'પ્રકાશના પંથે' ગ્રંથદ્વારા જીવનરૂપી ઓરડાને ખોલવા-ની ચાવી મળી છે. ડૂબાવનારું ને તારનારું પોતાનું મન છે.



પોતાના વિના પોતા પર ખરો ઉપકાર કે અપકાર બીજો કોઇ નથી કરતો.

હવે બી. ડી. આર્ટસ કોલેજ—અમદાવાદના ગુજરાતી વિષયના અધ્યાપક ડો. ગીતાબહેન મહેતા 'વિશ્વ હિતૈષી મહાત્મા યોગેશ્વરજી' વિષય પર પ્રવચન આપે છે. પોતે આ પ્રસંગ પહેલાં ક્યારેય 'પ્રકાશના પંથે' ગ્રંથનું વાચન કર્યું ન હતું, છતાં પણ મનનીય વક્તવ્ય આપ્યું ને આભાર વ્યક્ત કરતાં કહ્યું કે 'મારી અંતરયાત્રા માટે ઈશ્વરે મને આ રીતે તક આપી. એમ, હું માનું છું. પ્રવચનનો સારભાગ આ મુજબ છે.'

● પૂ. શ્રીએ આવડો મોટો ગ્રંથ કેવી રીતે લખ્યો હશે? પૂ. શ્રીના આ અક્ષરદેહને લઇને વિચાર કર્યો તો જણાયું કે પૂ. શ્રીની આધ્યાત્મિક સાધનાની વિશેષતા એ છે કે પૂ. શ્રી કારક મહાપુરુષ છે. ચોક્કસ કોઇ કાર્ય કરવા અવતરિત થયા છે. પોતાના યુગને અનુરૂપ બની સૌની સાથે મળીને કોઇક એવું કાર્ય કરવાની ઇચ્છા રાખે છે કે જેનાથી સમગ્ર માનવજાતને આધ્યાત્મિક બનાવી શકાય. તે માટે જ તેઓની સાધના છે. ગ્રંથ વાંચતાં એવું લાગે છે.

● પૂ. શ્રીના જીવનનું લક્ષ્ય 'ઈશ્વરના સાક્ષાત્કારની સાથે સાથે વિશ્વકલ્યાણ'નું પણ હતું. મા જગદંબા આગળ પ્રાર્થના કરતા. મહાન બનવાનો તેઓનો દૃઢ સંકલ્પ હતો. તે માટે પ્રાર્થના એમનું સાધન હતું.

● ચિત્તની શુદ્ધિના પરિણામે ગમે તેવા સંકલ્પો થતા નથી. ફક્ત કલ્યાણકારી શુભ સંકલ્પો થાય છે. મહાત્માજીએ વિશ્વ-કલ્યાણ ભાવનાથી સાધના કરી છે. પરમાત્માના કારક બનવા-ની ઇચ્છાવાળા મહાત્મા આપણને પણ કારક બનવા પ્રેરે છે.

● સફેદ વસ્ત્રધારી, સત્ત્વગુણી મહાત્માજીએ વેદાંતની વાતો કરી છે, સ્થૂળ, સૂક્ષ્મ ને કારણની વાતો કરી છે. તેઓ પરમ ભક્ત ને સાથે જ્ઞાની પણ છે. આ વિશ્વવંદ્ય મહાત્માના દિલમાં સર્વે જીવોના કલ્યાણની ભાવના છે. તેથી તેઓ દિવ્ય-ચિત્તિ શક્તિની પ્રાપ્તિ માટે મથતા રહ્યા છે.

'નિશદિન બરસત નૈન હમારે' એ પદ ગાઈને બહેન પોતાનું વક્તવ્ય પૂર્ણ કરે છે.

વડોદરા ધ્યાનકેન્દ્રનાં બાળકો મયૂરીબેનના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરે છે.

ડૉ. શ્રી શાંતિકુમાર પંડ્યા આજના દિવસના જ્ઞાનપર્વના વક્તાઓના વક્તવ્યોની રોચક શૈલીમાં સમીક્ષા કરે છે. 'ગુર્જર ભૂમિ ગોદે પ્રકટી, ઉપકાર ઘણો કીધો' પૂ. મા રચિત એ પદ સુકૃતિ ગાય છે ને સૌ ભક્તો પણ સમૂહમાં ગાય છે. મૈત્રી અશ્વિન કાકા 'ઈશ્વર સત્ય હૈ' એ પદ પર નૃત્ય રજૂ કરે છે. સાંજના ભોજન બાદ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ચેલના મહાત્માનો પ્રસંગ રજૂ કરતું નાટક ભજવાય છે. મનીષાબેન ને સોનલબેનનો અભિનય આ નાટકમાં સરસ રહ્યો.

● દિશા ને દેવાંગી 'નટરાજ સ્તુતિ' રજૂ કરે છે. ગોપી કાકા રાધા ને કૃષ્ણનું નૃત્ય રજૂ કરે છે. આ નૃત્ય એટલું સરસ છે કે પૂ. મા સૌ સાધકોને તેની કલાને ઊભા થઈને મંત્રગાન કરી વધાવવાનું કહે છે. રાત્રે 'સમંદરને પેલેપાર' નામની પૂ. શ્રીની ડી.વી.ડી. જોવા મળે છે. દિવસભર વિદ્વાન વક્તાઓની વાણીનું શ્રવણ, પૂ. માના દર્શન ને ભક્તો દ્વારા રજૂ થયેલો સાંસ્કૃતિક કાર્યક્રમ, સવારમાં થયેલો સેવાયજ્ઞ વગેરે સર્વ ભક્તોને આનંદ ને પ્રસન્નતા આપનારો બની ગયો. યુવાભક્તો બીજા દિવસની તૈયારીમાં લાગી જાય છે. ○



# પૂ. યોગેશ્વરજીનો સંતસમાગમ

પ્રો. પારૂલબેન માંકડ

પ. પૂ. સર્વેશ્વરી મા અને અધ્યાત્મપંથના સહયાત્રીઓ,

આજે મારે માટે ધન્ય અવસર પ્રાપ્ત થયો છે. લગભગ ૩૦ વર્ષ પહેલાં મને પૂજ્યશ્રી યોગેશ્વરજી, તેમનાં માતુશ્રી પૂ. જ્યોતિર્મયી અને પૂ. સર્વેશ્વરીમાના દર્શનશ્રવણનો સુભગ સંયોગ સાંપડેલો. પૂ. શ્રીના ગ્રંથોએ અને મા સર્વેશ્વરીનાં ભજનો—ખાસ કરીને 'વરદ હસ્ત પ્રભુ તમારો સદાય રહેજો જીવન સહારો'—એ આધ્યાત્મિક જીવન માટે પ્રેરણાપીયૂષ પાયાં છે. ઘણી બધી પ્રતિકૂળતાઓ વચ્ચે પણ સાવિત્રી મહાકાવ્યની "All can be done if the God–touch is there"—પંક્તિ અનુસાર દિવ્યકૃપાના સ્પર્શથી પ્રસ્તુત વ્યાખ્યાનકાર્ય સંપન્ન થઈ શક્યું છે.

પૂ. શ્રીની 'પ્રકાશના પંથે' આત્મકથા વિષે કાલિદાસની કૃતિ માટે વલ્લભદેવ જે કહે છે તે જ કહેવાનું મન થાય છે. **''तदिदं मन्ददीपेन राजवेश्मप्रवेशनम्''**—ઝાંખા દીવાથી રાજ-મહેલમાં પ્રવેશવા જેવું છે.

પૂ. શ્રીને થયેલો સંતસમાગમ—એમાં સ્વનામધન્ય પ્રાતઃ-સ્મરણીય સંતોએ તેમને જે રાહ ચીંધ્યો, આશીર્વાદ આપ્યા, એ બધું અંતરતમને સ્પર્શી જાય તેવું છે.

સંસ્કૃતમાં સત્સંગતિ વિષે ચેતોહર સુભાષિત છે.

**चन्दनं शीतलं लोके, चन्दनादपि चन्द्रमाः ।**
**चन्द्रश्चन्दनयोर्मध्ये शीतला साधुसंगतिः ॥**

મનુષ્ય જીવનમાં પ્રાપ્ત કરવા જેવું ચરમ અને પરમ જો કંઈ હોય તો તે પરમાત્માની પ્રાપ્તિ છે. તેની પાસે સમસ્ત વિશ્વનો વૈભવ પણ મૃણ્મય છે. પરમાત્માને પ્રાપ્ત કર્યા પછી જ સઘળું ચિન્મય બને છે. સાચા સાક્ષાત્કારી સંતોનો સમાગમ આપણને મૃણ્યમાંથી ચિન્મય તરફ દોરી જાય છે.

પૂ. શ્રીએ સંતોના મહિમા વિષે જણાવ્યું છે—

''સંતોની શક્તિ અનંત છે. સંતો સંસારને માટે આશીર્વાદ-રૂપ છે. તાપથી તપેલા લોકોને તે શીતળ છાયાનું દાન કરે છે અને આરામ આપે છે. ખાસ કરીને તો પરમાત્માને મેળવવાનો માર્ગ માણસને બતાવે છે.''

પૂ. શ્રીની પરમાત્મદર્શનની તાલાવેલીને કારણે પ્રભુકૃપાથી તેમને સંતદર્શન—મિલન અને વાર્તાલાપનું સદ્ભાગ્ય સાંપડેલું. પૂ. શ્રીને સંતસમાગમ ત્રણ રીતે થયેલો જોવા મળે છે. (૧) પ્રત્યક્ષ (૨) સ્વપ્નમાં (૩) ધ્યાનાવસ્થામાં આંતરદર્શનો (Visions)માં.

આત્મકથાનાં ચાલીસેક પ્રકરણો સંતસમાગમના મનભર અને મનહર નિરૂપણથી સભર છે.

પ્રત્યક્ષદર્શનમાં ભિક્ષુ અખંડાનંદ, સ્વામી શિવાનંદ, ગાંધીજી, ભગવાન રમણમહર્ષિ, શ્રીમા આનંદમયી, દંડીસ્વામી, વસુ-ધારાનો વૈરાગી, ચેલના મહાત્મા, નેપાલીબાબા તથા ઉડિયા-બાબા ઈત્યાદિનો સમાવેશ કરી શકાય.

સ્વપ્નદર્શનમાં મહાપુરુષો દ્વારા પૂર્વજન્મનું જ્ઞાન પ્રાપ્ત થવું, કોઈ અજ્ઞાત સ્વર સંભળાવો, અલૌકિક દીક્ષા અને દિવ્ય-દર્શનોમાં સરસ્વતીનું દર્શન ઈત્યાદિ લેખી શકાય.

ધ્યાનાવસ્થામાં ભગવાન રમણમહર્ષિ, નારદજી, અજ્ઞાત



મહાપુરુષો, જ્ઞાનેશ્વર, સાંઈબાબા (શીરડી), નેપાલીબાબાના લામાગુરુ, જલારામ ઈત્યાદિ સિદ્ધ—અવધૂત પ્રકારના યોગી-જનોના દર્શન પૂ. શ્રીને થયેલાં.

અત્રે ગાગરમાં સાગર ભરવાનો ઉપક્રમ હોઈ પૂ. શ્રીને થયેલા જગપ્રસિદ્ધ સાક્ષાત્કારી સંત મહાત્માઓના સમાગમનું નિરૂપણ કરવાનો નિરધાર કર્યો છે.

અજાતવાદના પુરસ્કર્તા ભગવાન રમણ પૂ. શ્રીના અત્યંત આદરપાત્ર છે. ''સાક્ષાત્કાર કરવો હોય તો રમણમહર્ષિ પાસે જાઓ.'' એવો સ્વપ્નાદેશ તેમને પ્રથમવાર થયેલો.

ઉત્તરકાશીમાં એક દિવસ મહર્ષિએ પૂ. શ્રીને અચાનક દર્શન આપ્યું. ધ્યાનાવસ્થામાં પૂ. શ્રીનું દેહભાન ભૂલાઈ ગયું. આંતરજગતમાં શ્રી રમણમહર્ષિ પ્રગટ થયા. સ્થળ મુંબઈના ચોપાટીના દરિયા કિનારાનું હતું. પૂ. શ્રી અને મહર્ષિ દરિયા-પર ચાલવા લાગ્યા અને રમણાશ્રમમાં પહોંચ્યા. મહર્ષિ પૂ. શ્રીને ભેટી પડ્યા અને હાથ પકડી કોચ પર એક આસને બેસાડવા માંડ્યા. પૂ. શ્રીના સંકોચને દૂર કરી ભગવાને કહ્યું, ''હજી તમને ખબર નથી કે તમે કેવા મહાપુરુષ છો, પણ હું તમને જાણું છું.'' તમારે સંસારમાં મહત્ત્વનું કામ કરવાનું છે. અડધો કલાક ચાલેલો આ અનુભવ એક જીવંત મહાપુરુષના ધ્યાનમિલનનો પહેલવહેલો પ્રસંગ હતો. એક મહાપુરુષ થવા જનાર વ્યક્તિને સમકાલિન અને સાક્ષાત્કારી સંતનું દર્શન થવું તે અનુભવ પૂ. શ્રીના જ શબ્દોમાં કહીએ તો ''ક્રાંતિકારી, કીમતી ને શકવર્તી હતો.''

ઈશ્વરકૃપાથી પૂ. શ્રીને તિરુવરુમન્નાઈ જવાનું થયું ત્યારે મહર્ષિના પ્રત્યક્ષદર્શનનો અવસર સાંપડેલો. પરંતુ તેમાં

વાર્તાલાપ થયો ન હતો કારણ કે મહર્ષિનું બાહ્ય વર્તન ઉદાસીન જેવું હતું.

મહર્ષિએ દેહત્યાગ પહેલાં પણ આંતરદર્શનમાં પૂ. શ્રીને કહેલું ''હું થોડા સમયમાં સમાધિ લેવાનો છું.''

એ પછી ''ભગવાન રમણમહર્ષિ જીવન અને કાર્ય'' એ પૂ. શ્રીનું પુસ્તક રમણમહર્ષિના આશીર્વાદ અને પ્રેરણાથી જ લખાયું અને એ કાર્યમાં નડતી મુશ્કેલીઓ પણ મહર્ષિના કૃપા-પ્રસાદથી દૂર થઇ ગયેલી. સમગ્ર કાર્ય દરમ્યાન પૂ. શ્રીને રમણમહર્ષિના દર્શન અવારનવાર થતાં રહેતાં.

બીજા સાક્ષાત્કારી સંત તે શ્રીમા આનન્દમયી. પ્રથમદર્શન સોલોનમાં થયેલું. પૂ. શ્રીના શબ્દોમાં જ એ ધન્યદર્શન વિષે જોઇએ.

''હું માતાજીના મુખમંડળ સામે જોવા માંડ્યો. એ મુખમંડળ ખૂબ જ શાંત, તેજસ્વી, પ્રસન્નતાથી પુલકિત તથા પરિપ્લાવિત, સહજ અને નિર્દોષ આનંદથી અલંકૃત તેમ જ મધપૂડા જેવું મધુર હતું. તેમણે સફેદ વસ્ત્રો પહેરેલાં. પીઠ પાછળ કાળા ખુલ્લા વાળ ફેલાયેલા. એમનું દર્શન ખરેખર આકર્ષક, આહ્લાદક અને અદ્‌ભુત હતું. એમને અવલોકીને આંખ થાકતી કે કંટાળતી નહોતી. એમને લીધે આજુબાજુનું સમસ્ત વાયુમંડળ વિશદ અને સજીવ બની ગયેલું.''

મા આનંદમયી બંગાળમાં **मानुषेर काली**—મનુષ્યોમાં કાલી તરીકે ઓળખાય છે. મહર્ષિ અરવિંદે પણ કહેલું ''તેઓ હંમેશાં સચ્ચિદાનંદની અવસ્થામાં રહે છે.'' પૂ. શ્રીને શ્રીમાના પ્રેમ અને કૃપાના ઘણા અનુભવો થયેલા.

'જ્ઞાનેશ્વરી'ના આરંભમાં જેમણે સમગ્ર પૃથ્વીના કલ્યાણ



માટેની પ્રાર્થના કરી છે તેવા જ્ઞાનેશ્વર મહારાજ વર્ષો પહેલાં મહારાષ્ટ્રમાં થઇ ગયા. પૂ. શ્રીને ઉત્તરકાશીના રમ્ય સ્થળમાં અચાનક રાત્રે ધ્યાનાવસ્થામાં તેમનો દર્શનાનુભવ લાધ્યો હતો.

''નીચે ભૂગર્ભમાં ઊંડી ખીણ જેવું દૃશ્ય દેખાયું. ત્યાં એક નાનું સરખું ઘટાદાર વૃક્ષ હતું. નીચે બેસીને પાંદડા પકડી શકાય તેવું હતું. તે વૃક્ષની નીચે એક નાનો ચોતરો હતો. તેના પર પદ્માસન વાળીને એક મહાપુરુષ આંખો બંધ કરીને ધ્યાના-વસ્થામાં બેઠેલા. તેમણે સ્વચ્છ અને સફેદ વસ્ત્રો ધારણ કરેલાં. લાંબાવાળવાળું મુખમંડળ અત્યંત તેજસ્વી, સુવર્ણમય અને શાંત હતું. આખુંય દર્શન અદ્‌ભુત હતું.''

યોગેશ્વરજીને થયું આ બાલયોગી કોણ હશે? તરત જ અંતઃપ્રેરણા થઇ કે આ મહાપુરુષ બીજા કોઇ નહીં પણ સંતજ્ઞાનેશ્વર છે. સમાધિ પછી ૪૦૦ વર્ષ પછી એકનાથજીને કૃપા કરીને તેમણે દર્શન આપ્યું હતું. તેવી રીતે ૧૯૪૪ માં પૂ. શ્રીને પણ જ્ઞાનેશ્વરે દર્શન આપી કૃતાર્થ કર્યા. પૂ. શ્રીના એ બાલયોગી પરત્વેના આકર્ષણ, પ્રેમ, ભક્તિ અને સમાદરે અને જ્ઞાનેશ્વરની કૃપાએ કરીને પૂ. શ્રીને બેથી ત્રણ વાર આલંદી જવાનું થયું.

આલંદીમાં સ્વપ્નમાં જ્ઞાનેશ્વરે અને પછી ધ્યાનમાં જ્ઞાનેશ્વર અને નિવૃત્તિનાથે દર્શન આપેલાં. મુંબઇમાં પણ પૂ. શ્રીને આંતરજગતમાં ચારેય ભાઇ—બહેનના દર્શન થયેલાં.

શ્રદ્ધા અને સબૂરી બે મહાન અર્થગંભીર શબ્દોમાં સમસ્ત ઉપદેશને સમાવનાર હિન્દુ, મુસ્લિમ સૌના પ્યારા, શિરડીના સાંઇબાબાનો પણ યોગેશ્વરજીને સમાગમ થયો હતો. સદેહે ન હોવા છતાં જ્ઞાનેશ્વરની જેમ જ સાંઇબાબાએ પૂ. શ્રી પર કૃપાવૃષ્ટિ કરી હતી.

આ મહાન કારુણિક સંતનો પરિચય પૂ. શ્રીએ તેમના ત્રણ અભયવચનો ઉદ્ધરીને આપ્યો છે.

"હું પાસે જ છું પછી કોઇએ ડરવાનું શું કામ છે? તમારો બધો ભાર મારા માથા પર નાખી દો. હું તેને ઉપાડી લઇશ. તમે મારા તરફ જુઓ. હું તમારા તરફ જોઇશ. તમે મારામાં શ્રદ્ધા રાખો ને હું હંમેશાં તમારી સાથે જ રહીશ."

યોગેશ્વરજીને સાંઇબાબાના અનુભવો—સમાધિ દશામાં તો કોઇવાર તંદ્રા જેવી અવસ્થામાં તો કોઇ વાર ઊંડા ધ્યાનની અવસ્થામાં તો ક્યારેક સ્વયં સાંઇબાબા આવેશરૂપે યોગેશ્વરજીમાં પધારતા—એમ વિવિધ રીતે થયા છે.

જાગૃતિદશામાં પણ સાંઇબાબાના દર્શન મળે તે માટે યોગેશ્વરજી તલસાટભરી પ્રાર્થના કર્યા કરતા અને એમને શ્રીસાંઇની છબીમાંથી શ્વેતવસ્ત્રવાળા તેમના સ્વરૂપનું દર્શન થયેલું. એટલું જ નહીં પૂ. શ્રીના જમણા કાનમાં ઘંટડી જેવો મીઠો સ્વર સંભળાયેલો જે પ્રતીતિકારક હતો. "જગદંબાના સાક્ષાત્ દર્શન થશે અને તમારી બધી ઇચ્છા પૂરી થશે."

હવે પ્રમાણમાં ઓછા જાણીતા એવા બે સંતો વિષે જોઇએ.

નેપાલીબાબાનો પરિચય આપતાં યોગેશ્વરજીએ કહ્યું છે કે "તેઓ સાધકદશાને વટાવી ગયા હતા. એક જીવનમુક્ત સિદ્ધપુરુષ હતા. તેમની અંતરદશાની છાપ બાહ્ય દેખાવમાં પણ ઉપસતી હતી. તેજસ્વી આંખો, મુખ પર દ્રઢ નિશ્ચય, કષ્ટ સહન, તીવ્ર વૈરાગ્ય અને છતાંય નિરભિમાનીપણું. તેમના દર્શનથી યોગેશ્વરજીને લાગ્યું કે આવા વિષમ સમયમાં પણ ભારત મહાન આધ્યાત્મિક વિભૂતિઓથી સંપન્ન છે ને તેથી જ ભારતનું ભાવિ ઉજ્જ્વળ છે." બાબાને કાકભુશુંડજીના દર્શન પણ થયેલાં.



ઉડિયાબાબાનો ચિરસ્મરણીય મેળાપ પૂ. શ્રીને ૧૧—૧૦—૭૨ ના દિવસે થયેલો. તેઓ ઓરિસ્સાના એકાંતપ્રેમી મહાત્મા હતા. પાંચ છ વરસથી દેવપ્રયાગમાં નિવાસ કરતા. શરીર શ્યામ, ગુંચળાવાળી શ્વેત જટા. પરંતુ નેત્રોમાં ઊંડી શાંતિ હતી. તેમણે આકાશવૃત્તિ ધારણ કરી હતી. સદાય પરાત્પરની મસ્તીમાં ડૂબેલા રહેતા. તેમણે સૂર્યોપાસના પણ કરી હતી. પૂ. શ્રીના એક મહાન પૂર્વજન્મની વાત તેમણે કરી હતી. આ અંગેનો જાગૃતિદશામાં પૂ. શ્રીને બીજો અનુભવ થયો.

પૂ. શ્રીને ઉપર્યુક્ત સંતોના સમાગમ સિવાય પણ અન્ય ૩૦ જેટલા સંતોનો સમાગમ થયો હતો. તેમાં પણ કેટલાક જીવનમુક્ત અજ્ઞાત સંતો હતા, કેટલાક જ્ઞાત હતા તો કેટલાક ઉચ્ચકક્ષાની સાધકદશાને વરેલા હતા. જેમ કે, ગાંધીજી, તૈલંગ સ્વામી, ચેલના મહાત્મા, નિત્યાનંદજી, સરસ્વતીનંદન વગેરે.

પૂ. શ્રીને અક્ષરદેહે જે સંતસમાગમ થયો તેમાં સ્વામીરામતીર્થ, રામકૃષ્ણપરમહંસ અને વિવેકાનંદ—આ સંતત્રયીના વચનામૃતોના ચિંતન—મનન જગદંબારૂપ ઈશ્વરને પામવા માટે પ્રેરણાસ્રોત બન્યા. અલખની ધુણી ધખાવવા જાણે ઘૃતરસધારાનું સિંચન થયું.

પરમાત્માને જગદંબારૂપે પામવા માટેની યોગેશ્વરજીની અભીપ્સાની શિખા નિર્ધૂમ હોમાનલ જેવી હતી. આથી જેમને ઈશ્વરદર્શન થયાં હોય અથવા ઈશ્વરદર્શનની ઉત્કટ ઝંખના સેવતા હોય તેવા સંતો પાસે તેઓ દોડી જતા. સંતો પણ પાછા તેમને ખૂબ પ્રેમ કરતા. તેમના જીવનકાર્યને અવતારકાર્યને રમણમહર્ષિ, જ્ઞાનેશ્વર, સાંઇબાબા, ઉડિયાબાબા અને ધ્યાનાવસ્થામાં પ્રકટેલા અન્ય અનેક મહાપુરુષોએ પહેલેથી જ જાણી

લીધેલું એટલે પૂ. શ્રીની મહાનતાને સંતોએ વખાણી, પીછાણી અને મહાનકાર્ય માટે પ્રેરણા—પ્રતીતિ આપ્યાં.

પૂ. શ્રીએ જે સંતસુધારસનું પાન કર્યું તેને આકંઠ પીને આપણને પીવડાવ્યું. સાધકને આખરે તો ગુરુ અને હરિ કૃપા અખંડ હેવાતણ આપે છે. સંતો આ અખંડ હેવાતણને મેળ-વવાનો રાહ ચીંધે છે. સંતોની ઊંચી મેડી યોગેશ્વરજીએ માણી—જાણી છે અને આપણને એ મેડીની સોપાન પરંપરામાં આરોહણ કરાવીને ધન્ય કર્યાં છે.

તુલસીજી કહે છે સત્સંગથી સદ્—અસદ્ વિવેકનું જ્ઞાન લાધે છે. ભગવાનની કૃપાથી જ સત્સંગ થાય છે. વિશ્વાસ વગર ભક્તિ થતી નથી અને ભક્તિ વગર પ્રભુ મળતા નથી. પ્રભુ-કૃપા ન હોય તો જીવનને વિશ્રાંતિ નથી.

પ્રસ્તુત વ્યાખ્યાનમાં જે કંઇ સારું થયું છે તે પ્રભુકૃપા અને આપ સૌ ગુણીજનોની શુભેચ્છાનું ફળ છે. ત્રૂટિઓ આ અલ્પમતિની છે. પૂ. સર્વેશ્વરીમાના દર્શનથી મારાં ઘડી પળ રળિયામણા બની ગયાં છે. તેમના શ્રીપાદપદ્મોમાં પ્રણામ કરી વિનયપત્રિકાની એક પંક્તિથી વિરમું છું—

એક ઘડી આધિ ઘડી, આધિ મેં પુનિ આધ,  
તુલસી સંગત સાધુકી હરે કોટિ અપરાધ.



# MAGIC OF PRAYER

**Srushti V. Kaneria**  
**(Age : 11 years)**

I introduce myself as Srushti Vijaybhai Kaneria. I am 11 years old and studying in 5th standard of SNK School, Rajkot.

Today I shall tell you how Pujya Maa hears our heartly prayers. My exams were from 9th Aug. ‘05 to 16th Aug. ‘05. There were holidays on 14th and 15th. So on 13th, when I came from school, my mummy told me to come with them to Swargarohan (Ambaji) for our Prabhu Yogeshwarji’s Birthday, and Independence Day celebration. I told that on 16th I have Maths paper and my Maths is very poor, so I have to do practice. But my daddy told me to take all the books with me. So I agreed. During the journey I hardly solved 2 sums and felt asleep. Late night we reached Swargarohan.

Next day was Sunday, and we all were very busy for preparation of 15th Aug. celebrations. So I could not even open my books.

On Monday, we were busy in Prabhat feri, Pranam, flag hoisting, singing patrotic songs, Palki Yatra of Prabuji’s childhood swaroop, Matkifod, etc. At late evening we started for

Rajkot. Thus we reached Rajkot late night. I hardly slept for 4 hours and became ready to go to school for my Maths's exams. I was very frightened and nervous. I did my pranams, and I prayed to MAA that till now I had written all papers very fine, but now I am tired and nervous, so I want you (Maa) to appear for the exam. After praying I went to school.

I took my place. Still I was very nervous. I forgot how to do Multiplication, Fractions and Decimals. When I received the paper I could not recall anything and I was totally confused. It looked everything new in the paper. Soon our teacher told us to start. I do not know what MAGIC had happened, but I started to solve my sums. To my great surprise, sums which looked very difficult became easy for me. I finished it with great confidence.

Next day, teacher told that she shall announce marks for those students who scored more than 40 from 50 marks. So again I started to pray Maa. Teacher announced that I scored 47 marks and that too 2nd highest in the class. Teacher gave me my answersheet and congratulated me. On going through it, tears started falling from my eyes. I thanked Pujya Maa for helping me.

When I came home, I told that I scored 47 markes. Nobody was ready to believe it. I



showed them my answer paper. All were very much surprised. This is how Pujya Maa helped me. This is just one exaple only. But I am receiving Her help in my day life. I think I am here because of Maa. I get all the energy from Maa. I am very very happy to have Maa. I want Maa in my whole life.

વિચાર વિના કોઈ અન્ય સાધનથી જ્ઞાન થતું નથી. જે રીતે પદાર્થનું જ્ઞાન પ્રકાશ વિના થતું નથી.

—યોગેશ્વરજી

**ઘર : ૨૪૮૦૪૨૮ ઓફિસ : ૨૩૬૦૩૭૬**

**મોબાઈલ : ૯૮૨૪૨૧૫૨૬૭**

**ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન**

**"સત્યવાન" તથા "ચંદન"**

**૬, ૮ તથા ૧૦ હો. પા.**

—: બનાવનાર :—

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, રાજકોટ—૩૬૦૦૦૨

# પ્રાર્થનાનો ચમત્કાર

મૂળ લેખક : સૃષ્ટિ વિજયભાઇ કનેરિયા
અનુ. : નારાયણ હ. જાની

હું મારો પરિચય આપું. મારું નામ સૃષ્ટિ વિજયભાઇ કનેરિયા છે. હું ૧૧ વર્ષની છું, અને રાજકોટની એસ. એન. કે સ્કૂલના પાંચમા ધોરણમાં અભ્યાસ કરું છું.

આજે હું તમને એ કહીશ કે મારાં પૂ. મા આપણી સાચા દિલની પ્રાર્થના કેવી સાંભળે છે. મારી પરીક્ષા ૯ ઓગસ્ટ ૨૦૦૫ થી ૧૬ ઓગસ્ટ પર્યંત હતી. તા. ૧૪ અને ૧૫ ઓગસ્ટના રોજ રજા આવતી હતી. એટલે તા. ૧૩ મી ઓગસ્ટના રોજ હું શાળાએથી ઘરે આવી તો મારી મમ્મીએ કહ્યું કે તું અમારી સાથે અંબાજીના સ્વર્ગારોહણ ચાલ કારણ કે તા. ૧૫ મી ઓગસ્ટ એ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનો જન્મદિન છે તેમ જ ભારતના સ્વાતંત્ર્યદિનની ઉજવણીનું પર્વ છે. મેં કહ્યું ૧૬ મી ઓગસ્ટે મારે ગણિતનું પેપર છે ને મારું ગણિત ઘણું કાચું છે. એટલે મારે તેની તૈયારી કરવાની છે. કિન્તુ મારા પપ્પાજીએ કહ્યું કે તો ગણિતના બધાં પુસ્તકો સાથે લઈ લે. તેથી હું જવા સંમત થઇ. મુસાફરી દરમ્યાન મારાથી માત્ર બે જ દાખલા ગણાયા. ને મને ઉંઘ આવી ગઇ. મોડી રાતે અમે અંબાજી સ્વર્ગારોહણમાં પહોંચ્યાં.

બીજે દિવસે રવિવાર હતો, અને અમે બધાં તા. ૧૫ મીના દિનની ઉજવણીની તૈયારીના કામમાં વ્યસ્ત હતાં. એટલે હું મારી ચોપડી જ ઉઘાડી ના શકી.

સોમવારના દિવસે એટલે તા. ૧૫ મીએ અમે પ્રભાત



ફેરી, પ્રણામ, ધ્વજવંદન, દેશભક્તિનાં ગીતોનું ગાન, પૂ. યોગેશ્વરજીના બાળસ્વરૂપની પાલખી–યાત્રા, મટકીફોડ વગેરે કાર્યક્રમોમાં રોકાએલ હતાં. તે પછી મોડી સાંજે અમે ગાડીમાં રાજકોટ આવવા રવાના થયાં. આમ અમે મોડી રાતે રાજકોટ પહોંચ્યાં. ભાગ્યે જ ચારેક કલાકની ઉંઘ લઇને હું ગણિતના પેપર-ની પરીક્ષા આપવા શાળાએ જવા તૈયાર થઇ. મને ઘણો ભય લાગતો ને હું મનથી ખૂબ ઢીલી થઇ ગઇ હતી. પછી મેં પ્રણામ કરી પૂ. માને પ્રાર્થના કરી કે "હે મા, અત્યાર સુધીનાં મારાં બીજાં બધાં પેપરો સરસ રીતે લખાયાં છે, પણ હવે હું થાકી ને ઢીલી થઇ ગઇ છું. તો હું ઇચ્છું કે મારા વતી આ પેપરની પરીક્ષા શું તમે ના આપો?" આટલી પ્રાર્થના કરીને હું શાળાએ ગઇ.

પરીક્ષા ખંડમાં મેં મારી બેઠક તો લીધી, છતાં હજી હું ઘણા ગભરાટમાં હતી. ગુણાકાર, ભાગાકાર અને દેશીમલ પોઇન્ટ કેમ ગણવા, તે બધું જ ભૂલાઇ ગયું. જ્યારે મને પેપર મળ્યું ત્યારે કશું જ યાદ ના આવે. ને હું સંપૂર્ણપણે ગૂંચવાઇ ગઇ!

પેપરમાં બધું નવું જ (ના ચાલ્યું હોય તેવું) લાગવા માંડ્યું. તુરત જ શિક્ષકે પેપર લખવાની શરૂઆત કરવા સૂચના આપી. મને ખબર ન પડી કે શું જાદુ થઇ ગયો કે હું દાખલા ગણવા લાગી ગઇ. મારા ભારે આશ્ચર્ય વચ્ચે જે દાખલાઓ મને ખૂબ અઘરા જણાયેલા તે મારે માટે સહેલા થઇ ગયા! આમ ખૂબ આત્મવિશ્વાસપૂર્વક મેં ગણિતનું પેપર પૂરું કર્યું.

બીજા દિવસે, શિક્ષકે જાહેરાત કરી કે જે વિદ્યાર્થીઓએ ૫૦ માંથી ૪૦ કે વધારે માર્કસ મેળવ્યા હશે. તેમનાં નામોની જાણ કરવામાં આવશે. એટલે મેં ફરી પૂ. માને પ્રાર્થના કરવા માંડી. શિક્ષકે કહ્યું કે "૫૦ માંથી તને ૪૭ માર્કસ મળે છે ને વર્ગમાં

તારો ગણિતમાં બીજો નંબર છે.'' શિક્ષકે મને મારું લખેલું પેપર જોવા પણ આપ્યું અને અભિનંદન પણ આપ્યા. આ પેપર વાંચતાં વાંચતાં મારી આંખોમાંથી અશ્રુબિન્દુ ટપકવા માંડ્યાં. હે મા, મને મદદ કરવા બદલ તમારો કેટલો આભાર માનું?

ઘરે આવીને મેં જ્યારે કહ્યું કે મને ગણિતમાં ૫૦ માંથી ૪૭ માર્કસ મળ્યા છે, તો ઘરમાં તે માનવા કોઇ તૈયાર ન હતું. તેથી મેં તેમને મારું પેપર બતાવ્યું. તે જોઇ બધાંને ભારે નવાઇ લાગી. પૂ. માએ મને આ રીતે મદદ કરી. આ તો કેવળ એક જ ઉદાહરણ છે. પૂ. મા મને મારા રોજિંદા જીવનમાં આ રીતે મદદ કરતાં જ રહે છે.

આજે હું જે કંઇ છું તે પૂ. માને લીધે જ. તેઓ જ મને શક્તિ પૂરી પાડતાં રહે છે. પૂ. માનું મારા જીવનમાં હોવું એ મારે માટે મોટા સુખનું કારણ છે. ઇચ્છું કે પૂ. મા આજ રીતે મારા આખા જીવન દરમ્યાન મારી સાથે રહે.


શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪




# સાધનાદિન—સ્વર્ગારોહણ

(તા. ૧૮–૩–૨૦૦૬) **મા સર્વેશ્વરી**

ગઈ રાતથી જ સૌ સાધકો એક દિવસના તપસ્વી બનવા સજ્જ થઇ ગયા હતા.

કોણે કેવા નિયમો લીધા તેની યાદી બોર્ડ ઉપર મુકાઇ ગઇ. સૌ ધ્યાનથી વાંચતા હતા.

પ્રણામની પ્રથમ બેઠકમાં પૂ. શ્રીની અમૃતવાણી સાંભળી અને પછી વ્યક્તિગત સાધના સૌની પ્રારંભ પામી છે.

આજે નવ, દશ બાળકો પણ છે. મોક્ષા, શુકન, દિશા, વેદ, શ્રેયા, પુણ્યા, પુષ્ટિ, હની, નૈતિક, આકાશ, અવની, આ બાળમંડળીએ પોતાના નિયમો લખાવ્યા છે.

આજના આ સાધનાત્મક વાયુમંડળમાં જાણે તેજસ્વી તારલા-ની જેમ આ બાળદેવતાઓ ઝળહળી રહ્યા છે. એ મંડળીની પ્રણામની ઝડપ અરે, પ્રદક્ષિણાની ઝડપ અદ્ભુત હતી.

એ બાળકો ફળાહાર ઉપર જ રહ્યા. નિયમો પણ શાંતિથી પાળ્યા.

અરે, જતન નામનો દોઢ વરસનો શ્રી દિલીપભાઇની દીકરી જાગૃતિનો પુત્ર છે. એ બટુકે ૫૧ પ્રણામ ને ૧ માળા કરી છે. એટલે કે વડીલોએ કરાવી છે જતન પાસે સાધના. જાણે ૧૮ માર્ચનો સૌથી નોંધપાત્ર નાનકડો સાધક જતન.

યુવાન છોકરીઓએ પણ નિયમો લીધા. સ્તુતિએ ૫૦૦ યોગતીર્થની પ્રદક્ષિણા માળા સાથે કરવાનો સંકલ્પ કર્યો, તો વળી જયુ (સ્વર્ગારોહણની રવિવારની ભક્ત) એ 'વરદ હસ્ત

પ્રભુ તમારો' એ પદની ૧૧ માળા, વળી ૧૧ બાવની એક પગે ઊભા રહીને કરવાનો સંકલ્પ કર્યો છે. મીરાં એ ૫૦૦ માળા, તો દીપુએ પ્રણામનો નિયમ લીધો છે.

તો વળી હેમલે જિંદગીમાં પહેલીવાર મંત્રજપનો નિયમ લીધો છે. દિવ્યેશે પ્રણામનો, તો વળી રાજીવે પ્રાર્થનાનો નિયમ લીધો.

કેટલાક ભક્તોએ જિંદગીમાં પહેલીવાર નિર્જળાવ્રતનો નિયમ. કેટલાંકે જિંદગીમાં પહેલીવાર મૌનવ્રતનો નિયમ લીધો છે.

નિયમોની ભલે વિવિધતા છે, પણ શ્રદ્ધા એક જ દેવમાં સ્થિર થઇ છે.

સ્વર્ગારોહણની કુટિયા આજે પ્રદક્ષિણા કરનાર સાધકોથી જીવંત બની છે. ગઇ રાતથી એ માર્ગ જાણે સતત જાગતો થઇ ગયો છે. કુટિયાના સૌ આરાધ્ય દેવો આજે જાણે જાગ્રત બની જે જે સામે આવે તેને તેને આશીર્વાદનો થાળ ધરવા તત્પર છે.

નવા કે જૂના, નાના કે મોટા સૌ જાણે પ્રદક્ષિણાથી પાપ નાશ કરીને પરમ પવિત્ર બની જવાની હરિફાઇ કરી રહ્યા છે.

પ્રદક્ષિણાની આ પરંપરા કદાચ ૧૯૮૯ થી શરૂ થઇ છે. ૮૯ ની નવરાત્રિમાં એક સાંજે માએ જ સૌ સાથે બેઠક પછી પ્રદક્ષિણા કરતાં હોય એવું એક દર્શન માને પણ થયું છે.

સૌ જાણે કુટિયાને એક મંદિર જ માને છે. શ્રી દિલીપભાઇ અતિનિયમિત રીતે સવારે પ્રણામ–પ્રદક્ષિણા કરવા આવે જ છે. તો શ્રી શાંતિભાઇ કે શ્રી દેસાઇ દંપત્તિ પણ અતિ નિયમિત પ્રદક્ષિણામાં હોય જ છે.

સ્વર્ગારોહણનું શ્રદ્ધાનું એક કેન્દ્રબિન્દુ કુટિયા પણ છે.



કુટિયામાં ધ્યાન કરનારા શ્રી વિનુભાઇ અમીન અને શ્રી પ્રભુદાસ તન્નાએ આઠ આઠ કલાક ધ્યાનના સંકલ્પ કર્યા છે.

અત્ર, તત્ર, સર્વત્ર જાણે સાધના, સાધના, ને સાધના.

સ્વર્ગારોહણની ધરતી પણ આજે સાધકો, ભક્તોના પગલે ધન્ય બની છે. અહીં સૌ કોઇએ આવડે એવી સાધના કરી છે.

માના નિવાસના ઉપરના ભાગમાં બાળકો, યુવાનો, વડીલો સતત ઉભરાતા રહ્યા.

કોઇ વાંચે છે, કોઇ વંદે છે, કોઇ જપે છે, કોઇ લખે છે.

સૌ શિસ્ત પાળે છે. નાનાં નાનાં બાળકોએ પણ ખૂબ શાંતિથી લગભગ મૌન જેવું જ લઇને કોઇને નડ્યા નથી. સૌને ખરેખર તો બાળકોએ પ્રેરણાની નવી પગદંડી ધરી છે.

સાંજે છ વાગે સૌ હોલમાં ભેગા થયા છે, કારણ ઘંટ વાગ્યો છે. સૂચના મુજબ સૌ ઊભા થઇ હાથ જોડે છે. પછી તા. ૧૮–૩–૮૪ ના પૂ. શ્રીની અંતિમ અમૃતવાણી સાંભળે છે. ધ્યાનથી, ભાવથી, શિસ્તથી, શાંતિથી.

એ રીતે પોતાના ગુરુ ભગવંતને સૌએ વધાવ્યા છે. સન્માન્યા છે. સંભાળ્યા છે.

હે હરિ, રાતે મા સૌને પૂછે છે, 'નિયમોનું શું થયું?' સૌ આનંદથી પ્રસન્નતાથી નિયમો વધુ પાળે છે.

બાળકોએ પણ સરસ રીતે નિયમો પાળ્યા છે. મા વિશેષ રીતે બધા બાળકોને પ્રસાદ, લક્ષ્મી, ફળો આપે છે.

આજે સૌએ ધાર્યા કરતાં વધુ ને સારી સાધના કરી તેનો સૌને આનંદ હતો.

મા પણ પોતાના એક લાખ જપ રાતે ૮–૦૦ વાગે પૂર્ણ કરે છે.

મોટા ભાગના જપ મા ચાલતાં ચાલતાં જ કરે છે.

એટલે રાત થતાં જ પગ જરા સત્યાગ્રહ કરીને વધુ વિશ્રામ માગે છે.

પણ મા રાતે ૧૨ થી ૧ ઘંટ વગાડીને સૌને સંકીર્તનમાં જોડે છે.

આજની રાતનો ૧ કલાક હરિ નામે મઢી લેવાનો પૂ. માનો એ પ્રયત્ન છે. વૃદ્ધો સિવાય સૌ હાજર રહ્યા હતા. સર્વત્ર સાધનાનો સાત્ત્વિક આનંદ સૌના હૈયે રમી રહ્યો છે.

માને પણ પોતાની અને સૌની સાધનાથી આનંદ છે, પ્રસન્નતા છે, શાંતિ છે. હે પ્રભુ, પ્રણામ પ્રણામ પ્રણામ.

### ● નાથવચનામૃત ●

હું બ્રહ્મ છું એમ માની લેવાથી બ્રહ્મજ્ઞાની થવાતું નથી, પણ અંતઃકરણની યોગ્યતા વધારી બ્રહ્મસંયમવડે બ્રહ્મનો અપરોક્ષ અનુભવ કરવાથી બ્રહ્મજ્ઞાની થવાય છે. એવા બ્રહ્મજ્ઞાનીની સ્થિતિ તેમના પ્રારબ્ધાનુસાર રહે છે, તેથી તેમણે આમ કરવું જોઈએ ને આમ ન કરવું જોઈએ, એવો નિયમ તેમને માટે કોઈથી કરી શકાય નહિ. એવા જ્ઞાનીથી જેટલા લોકોનું કલ્યાણ થવાનું હોય તેટલાનું થાય. કોઈ જ્ઞાનીથી કોઈને પણ જ્ઞાનલાભ ન થાય તો તેથી તે જ્ઞાનીના જ્ઞાનની હાનિ નથી. કોઈ જ્ઞાનીની જ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રારબ્ધવશાત્ સિદ્ધિઓ મેળવવાની ઈચ્છા માત્ર કુતૂહલથી ઉપજે તો તે યોગ્ય પ્રયત્ન કરી તેનો પણ ભલે અનુભવ કરે.



**તા. ૧૮–૩–૨૦૦૬**

## સાધનાદિનના નિયમો

| ક્રમ | નામ | નિયમ |
|---|---|---|
| ૧ | શ્રી મા | એક લાખ જપ |
| ૨ | મોક્ષા—વય ૮ | ૫૦૧ પ્રણામ, ૩ કલાક વાંચન, |
| ૩ | અવની—વય ૧૧ | ૫૧ પ્રદક્ષિણા, ૫ કલાક વાંચન, ૧૦૧ માળા, ૩૦૦ પ્રણામ. |
| ૪ | દિશા—વય ૧૩ | ૫૧ પ્રદક્ષિણા, ૫ કલાક વાંચન, ૩ કલાક મૌન, ૨૫૧ પ્રણામ. |
| ૫ | શૂકન—વય ૯ | ૧૫૧ પ્રદક્ષિણા, ૧૦૦૦ પ્રણામ, ૩ કલાક વાંચન, ૨ કલાક મૌન. |
| ૬ | આકાશ—વય ૧૧ | ૧૧૧ પ્રદક્ષિણા, ૩ કલાક મૌન, ૧૦૦૦ પ્રણામ, ૩ કલાક વાંચન. |
| ૭ | વેદ—વય ૧૫ | ૫ કલાક વાંચન, ૨ કલાક મૌન, ૧૦૧ પ્રદક્ષિણા, ૫૦૦ પ્રણામ. |
| ૮ | શ્રેયા—વય ૯ | ૫૦૧ પ્રણામ, ૩૦૧ પ્રદક્ષિણા. |
| ૯ | પુણ્યા—વય ૪ | ૧૦૦ પ્રણામ, ૧૦૧ પ્રદક્ષિણા, ૨ બાવની. |
| ૧૦ | પૂજા—વય ૧૬ | ૫૦૦ પ્રણામ, મૌન, વાંચન, ૧૦૧ પ્રદક્ષિણા. |
| ૧૧ | બિન્દિયા—વય ૪ | ૫૧ માળા. |
| ૧૨ | પુષ્ટિ—વય ૪ | ૩૧ પ્રદક્ષિણા, ૨૧ પ્રણામ ૧ બાવની. |
| ૧૩ | યોગી—વય ૧૭ | ૩૬૫ પ્રદક્ષિણા, ૨ કલાક ધ્યાન, ૫૦ માળા. |

| | | |
|---|---|---|
| ૧૪ | હાર્દિક | ૨૫૧ પ્રણામ, ૨૫૧ પ્રદક્ષિણા, ૨૧ માળા, ૪ કલાક મૌન. |
| ૧૫ | પ્રયાગ | ૫૦૦ પ્રણામ, ૧૦૧ બાવની. |
| ૧૬ | અંકુરભાઇ | ૨૫૧ પ્રણામ, પ્રદક્ષિણા. |
| ૧૭ | તારકભાઇ | ૨૧ બાવની, ૧૫૧ પ્રણામ. |
| ૧૮ | અશ્વિનભાઇ | ૩૦૦૧ પ્રણામ, ૫૦૧ પ્રદક્ષિણા. |
| ૧૯ | કીર્તન | ૫૦૧ માળા, નવી ભૂમિની પ્રદક્ષિણા ૫૧. |
| ૨૦ | કેતન | ૧૦૧ પ્રણામ, ૧૧ બાવની, ૫૧ પ્રદક્ષિણા. |
| ૨૧ | વિજયભાઇ કનેરિયા | ૫૦૧ પ્રદક્ષિણા, ૫૦૧ પ્રણામ. |
| ૨૨ | રાજીવભાઇ | ૫૦૧ પ્રણામ, લીલામૃત પારાયણ. |
| ૨૩ | આશિષ જોષી | ૧૦૦૮ પ્રણામ, ૧૦૮ પ્રદક્ષિણા. |
| ૨૪ | દર્શન | ૨૦૦૦ પ્રણામ, ૫૧ પ્રદક્ષિણા. |
| ૨૫ | હિતેન છાંટબાર | ૧૦૦૦ પ્રણામ, નિર્જળા. |
| ૨૬ | સુરેશ (સેવક) | ૧૦૦૦ પ્રણામ. |
| ૨૭ | કેતન શાહ | ૫૦૧ પ્રણામ, ૧૫૧ પ્રદક્ષિણા. |
| ૨૮ | દીપ ઠક્કર | ૫૦૨ પ્રણામ, ૮૧ માળા, ૧૪ કલાક નિર્જળા, ૬ કલાક મૌન. |
| ૨૯ | સ્નેહલભાઇ | ૫૦૦ પ્રણામ, પ્રદક્ષિણા, ૫૦૦ માળા, ૧૨ કલાક નિર્જળા. |
| ૩૦ | દીપેશભાઇ | ૧૦૧ પ્રણામ, માળા, પ્રદક્ષિણા. |
| ૩૧ | દર્પણ દલાલ | ૨૦૧ પ્રણામ, ૧૦૧ પ્રદક્ષિણા. |
| ૩૨ | યતીન કાકા | ૧૦૦૧ પ્રણામ, ૧૦૧ પ્રદક્ષિણા, ૨૧ બાવની, માળા. |
| ૩૩ | અર્પણ ભક્ત | ૨૦૧ પ્રણામ, ૫૧ પ્રદક્ષિણા. |
| ૩૪ | નિલેશ (ભાવનગર) | ૫૦૦ પ્રણામ, ૧૦૧ પ્રદક્ષિણા. |



| | | |
|---|---|---|
| ૩૫ | દીપકભાઇ | ૧૦૦૦ પ્રણામ, ૫૧ પ્રદક્ષિણા, ૧૨ કલાક મૌન. |
| ૩૬ | રાજુભાઇ જાની | ૧૫૦૦ પ્રણામ, ૧૫૧ પ્રદક્ષિણા. |
| ૩૭ | વિજય કલોલા | ૨૫૧ પ્રદક્ષિણા, ૫૧ બાવની. |
| ૩૮ | અજય કલોલા | લેખન, પ્રાર્થના, જપ, નિર્જળા. |
| ૩૯ | રાજુભાઇ કાકા | ૫૦૧ પ્રણામ, ૨૫૧ પ્રદક્ષિણા. |
| ૪૦ | પ્રભુદાસ હળવદિયા | ૫૦૧ પ્રદક્ષિણા, પ્રણામ. |
| ૪૧ | હિતેષકુમાર ભક્ત | ભજન, બાવની ૬ કલાક. |
| ૪૨ | જયસુખભાઇ | ૫૦૧ પ્રણામ, ૧૨૫ પ્રદક્ષિણા, નિર્જળા, મૌન, ૫૧ માળા. |
| ૪૩ | ઘનશ્યામભાઇ | ૧૫૦૦ પ્રણામ. |
| ૪૪ | મધુભાઇ (મુંબઇ) | ૧૦૧ પ્રણામ, બાવની ૧૦, ૧૦૧ પ્રદક્ષિણા. |
| ૪૫ | હરિશભાઇ (ભરૂચ) | ૫૦૧ પ્રણામ, નિર્જળા. |
| ૪૬ | અમૃતભાઇ | ૨૦૦ માળા, ૨૨૫ પ્રણામ, ૪ કલાક મૌન. |
| ૪૭ | મનહરલાલ (સુરત) | ૧૦૦૮ પ્રણામ, ૫૧ માળા, ૧૦૮ પ્રદક્ષિણા. |
| ૪૮ | અશોકભાઇ (સુરત) | ૧૫૧ પ્રદક્ષિણા, ૧૨૫ પ્રણામ. |
| ૪૯ | ઘનશ્યામભાઇ વાનાણી | ૨૫૧ પ્રણામ, ૫૦૧ પ્રદક્ષિણા, ૧૦૮ માળા. |
| ૫૦ | બચુભાઇ પાઠક | ૪૨૫ પ્રણામ, ૨૭૫ માળા, ૧૬૧ પ્રદક્ષિણા, ૧૧ બાવની. |
| ૫૧ | વિનુભાઇ અમીન | ૮ કલાક ધ્યાન, જપ, નિર્જળા. |
| ૫૨ | ચિમનભાઇ ગાંધી | ૫૧ પ્રદક્ષિણા, જપ. |
| ૫૩ | નટવરભાઇ પટેલ | ૫૧ પ્રદક્ષિણા, ૧૦૦ માળા. |
| ૫૪ | મધુસૂદનભાઇ (કોલાપુર) | ૧૦૧ માળા, ૫૧ પ્રદક્ષિણા. |
| ૫૫ | ચંદ્રકાન્તભાઇ પંડ્યા | ૫૦૧ માળા, ૧૨૫ પ્રદક્ષિણા. |

| | | |
|---|---|---|
| ૫૬ | હરિશભાઇ કોન્ટ્રાક્ટર | ૧૦૧ પ્રદક્ષિણા, ૧૧ બાવની. |
| ૫૭ | પ્રભુદાસભાઇ તન્ના | ૩૦૦ માળા, ૩ કલાક ધ્યાન. |
| ૫૮ | અનિલભાઇ ભટ્ટ | ૫૦૧ પ્રણામ, પ્રદક્ષિણા, મૌન, નિર્જળા. |
| ૫૯ | ચંદ્રકાન્તભાઇ પટેલ | ૫૦૦ પ્રણામ, માળા, નિર્જળા. |
| ૬૦ | શાંતિભાઇ કનેરિયા | ૧૫૦૦ પ્રણામ, ૧૫૧ પ્રદક્ષિણા, નિર્જળા. |
| ૬૧ | મોહનભાઇ (મોરબી) | ૨૦૦ માળા. |
| ૬૨ | કલ્યાણજી | ૫૦૦ પ્રણામ, ૧૨૫ પ્રદક્ષિણા. |
| ૬૩ | ધીરૂભાઇ અધેરા | ૨૫૧ પ્રણામ, ૧૧ બાવની. |
| ૬૪ | સૂર્યકાન્તભાઇ ભટ્ટ | ૫૧ પ્રદક્ષિણા, ૧૦૦ માળા. |
| ૬૫ | જે. કે. મા વાલા | ૫૦૦ પ્રદક્ષિણા, પૂ. માનું ધ્યાન. |
| ૬૬ | મોહનભાઇ (રાજકોટ) | ૬ ગીતા પાઠ, વિષ્ણુસહસ્ર, |
| ૬૭ | વલ્લભભાઇ (રાજકોટ) | ૧૦૮ પ્રણામ, પ્રદક્ષિણા. |
| ૬૮ | રાજુભાઇ સેજપાલ | ૨૫૧ પ્રણામ, પ્રદક્ષિણા, ૧૧ બાવની, મૌન. |
| ૬૯ | જગુભાઇ | ૧૧ બાવની, મૌન, ૧૦૧ માળા. |
| ૭૦ | વસંતભાઇ (રાજકોટ) | ૨૫૧ પ્રણામ, પ્રદક્ષિણા. |
| ૭૧ | બાલમુકુન્દભાઇ શ્રોફ | ૧૦૮ પ્રદક્ષિણા, ૧૦૮ માળા. |
| ૭૨ | રવીન્દ્રભાઇ (પનામા) | ૫૦૧ માળા, ૫ કલાક મૌન, ૧૧ પ્રણામ, ૧૧૧ પ્રદક્ષિણા. |
| ૭૩ | રમેશભાઇ | ૧૦૧ માળા. |
| ૭૪ | અરુણભાઇ | મૌન, ૧૫૧ પ્રદક્ષિણા. |
| ૭૫ | પ્રકાશભાઇ ભટ્ટ | ૧૦૮ પ્રણામ, પ્રદક્ષિણા, વાંચન, પ્રાર્થના. |
| ૭૬ | મોહનભાઇ (વડોદરા) | ૨ કલાક પાઠ, ૫ કલાક માળા. |
| ૭૭ | રમેશભાઇ શાહ | ૧૧ પ્રદક્ષિણા, ૧૫ માળા, ૫ બાવની. |



| | | |
|---|---|---|
| ૭૮ | ચીમનભાઇ સુરત | ૨૫ પ્રણામ, પ્રદક્ષિણા, ઉપવાસ, જપલેખન, મૌન. |
| ૭૯ | પ્રવીણભાઇ સુરત | ૧૦૦૦ પ્રણામ, ૫૦૦ પ્રદક્ષિણા, શ્રીલીલામૃત પારાયણ, ૧૦૮ માળા. |
| ૮૦ | સુખલાલભાઇ | ૨૫ માળા, નિર્જળા, મૌન. |
| ૮૧ | મુકેશભાઇ તન્ના | ૧૦૮, ૫૧ માળા, ૧૫૧ પ્રદક્ષિણા. |
| ૮૨ | ડો. હીરાભાઇ તન્ના | ૫૧ માળા. |
| ૮૩ | નાથાભાઇ | ૨૦૫૧ પ્રણામ, નિર્જળા. |
| ૮૪ | દિલીપભાઇ | ૩૫૧ પ્રણામ, ૧૫૧ પ્રદક્ષિણા. |
| ૮૫ | હેમલભાઇ | જપનો પ્રયોગ. |
| ૮૬ | વિનોદભાઇ પટેલ | ૧૦૮ બાવની. |
| ૮૭ | દિવ્યેશભાઇ | ૧૦૦૦ પ્રણામ. |
| ૮૮ | હનિ—વય ૯ | ૧૦૫૧ પ્રણામ, ૨૦૧ પ્રદક્ષિણા. |
| ૮૯ | નૈતિક—વય ૧૦ | ૧૧૦૦ પ્રણામ, ૧૨૫ પ્રદક્ષિણા. |
| ૯૦ | જતન—વય ૧॥ | ૧૧ પ્રણામ, ૫૧ મંત્રગાન. |
| ૯૧ | ફાલ્ગુનીબેન | ૧૦૦૦ પ્રણામ, ૨૧ પ્રદક્ષિણા. |
| ૯૨ | પુનિતાબેન (રાજકોટ) | ૫૦૦ પ્રણામ. |
| ૯૩ | અનિતાબેન | ૧૦૮ પ્રણામ. |
| ૯૪ | અશોકભાઇ (અમદાવાદ) | ૫૦૦ પ્રદક્ષિણા, ૫૧ બાવની. |
| ૯૫ | ગૌરાંગભાઇ | ૫૦૦ માળા, ૧૦૧ પ્રદક્ષિણા. |
| ૯૬ | પુનિતાબેન શાહ | ૫ બાવની, પ્રદક્ષિણા, ૬ લીલામૃત. |
| ૯૭ | સરોજબેન ભક્ત | ૫ બાવની, પ્રદક્ષિણા, લીલામૃત. |
| ૯૮ | મીનાક્ષીબેન ભક્ત | ૫ બાવની, ૧૦૮ પ્રદક્ષિણા. |
| ૯૯ | દિલીપભાઇ (વડોદરા) | ૫૧ માળા, ૧૦૮ પ્રદક્ષિણા, ૨૫૧ પ્રણામ. |
| ૧૦૦ | મહેન્દ્રસિંહ (જનોર) | ૨૫૦ પ્રણામ, ૧૧૧ માળા, ૧૧ બાવની, ૧૧૧ પ્રદક્ષિણા, નિર્જળા. |

| | | |
|---|---|---|
| ૧૦૧ | ગૌતમભાઈ ભટ્ટ | ૫૦૧ પ્રદક્ષિણા, ૧૧ બાવની, ૫૧ માળા, નિર્જળા. |
| ૧૦૨ | અશ્વિન ટેલર | ૫૦૧ પ્રદક્ષિણા, ૨૫૧ પ્રણામ, ૧૦૧ માળા. |
| ૧૦૩ | પ્રદીપભાઈ (વડોદરા) | ૫૦૧ પ્રદક્ષિણા, ૧૦૧ માળા, ૨ લીલામૃત. |
| ૧૦૪ | ધવલ (રાજકોટ) | ૧૦૦૦ પ્રણામ, ૧૦૧ માળા. |
| ૧૦૫ | અરુણભાઈ (ભાવનગર) | ૨૫૧ પ્રણામ, ૧૦૮ પ્રદક્ષિણા, નિર્જળા, ૨૫૧ માળા. |
| ૧૦૬ | સુનિતાબેન | ૧૦૮ પ્રણામ, ૧૦૧ માળા, ૫૧ પ્રદક્ષિણા. |
| ૧૦૭ | હંસાબેન લાડ | ૧૦૦૦ પ્રણામ, ૨૦૦ માળા, મૌન. |
| ૧૦૮ | કુસુમબેન લાડ | ૫૦૧ પ્રણામ, ૫૧ માળા, મૌન. |
| ૧૦૯ | રીટાબેન (અમદાવાદ) | ૧૦૧ પ્રણામ, ૧૫૧ પ્રદક્ષિણા. |
| ૧૧૦ | દિલીપભાઈ લાડ | ૫૧ પ્રણામ, પ્રદક્ષિણા, ૧૧ માળા. |
| ૧૧૧ | દિલીપભાઈ (વડોદરા) | ૫૧ પ્રણામ, ૧૫૧ પ્રદક્ષિણા. |
| ૧૧૨ | અમીતભાઈ શાહ | ૫૧ પ્રણામ, ૧૧ માળા, બાવની. |
| ૧૧૩ | અશોકભાઈ (મોરબી) | ૫૧ પ્રણામ, ૧૫૧ પ્રદક્ષિણા, ૫ બાવની. |
| ૧૧૪ | ઈન્દ્રવદનભાઈ | ૮ કલાક જપ. |
| ૧૧૫ | કૃતિકા | ૧૦૮ પ્રણામ, ૧૧૪ પ્રદક્ષિણા, માળા. |

**(બાકીના સાધકોના વ્રત–નિયમોની યાદી મે–'૦૬ માં રજૂ થશે.)**



# સ્વર્ગારોહણને આંગણે હોળીનો ઉત્સવ

**શ્રી જ્યોત્સનાબેન ત્રિવેદી**

હોળીનો ઉત્સવ એટલે રંગોત્સવ. આ રંગમાં તો એક જ રંગ, એક જ રસ, હરિ રંગ અને હરિ જ રસ. અંગ હરિ, રંગ હરિ, સંગ હરિ, બસ હરિ જ હરિ. આ હરિનો રાસોત્સવ એટલે સ્વર્ગારોહણની હોળીનું પર્વ. શાસ્ત્રોનો શાસ્ત્રીય અવતાર—નૃસિંહ અવતારનો એક બાળભક્તને ઉગારવા માટેનો અવતાર. તેના સ્વજનોના ત્રાસમાંથી ઉગારવાનો અવતાર. કેવું દર્શન!

પૂ. શ્રી મા અને પ્રભુ પણ નૃસિંહરૂપે આપણા સર્વમાં રહેલા હિરણ્યકશ્યપુરૂપી રાક્ષસને દૂર કરવા સતત પ્રયત્ન કરે છે. એ માટે આપણને સ્વર્ગારોહણ બોલાવી સતત હરિસ્મરણમાં રોકાઈ રહીએ તેવું આયોજન કરે છે. સંસારરૂપી સાગરમાંથી બહાર ખેંચે અને સત્કર્મો કરાવી નિયમો બેવડાવી આ દલદલમાં ફસાયેલા જીવોને બહાર કાઢે છે.

મા એટલે શાસ્ત્રોનું સમર્થન. પ્રચલિત રિવાજ પ્રમાણે હોળીમાં ધાણી ચણા ખાવા જોઈએ. તે ધાણીનો પ્રસાદ સ્વર્ગારોહણની બહેનો ખાસ તૈયાર કરે છે અને પૂ. મા સહુ સાધકો માટે રાત્રે ૧૧ વાગે તે પેકેટ તૈયાર કરાવે છે. તે કરતાં કરતાં પૂ. શ્રી માએ બપોરની બેઠકમાં જાહેરાત કરેલી કે હોળીના પર્વ નિમિત્તે આપણે સહુએ કંઈક વિશેષ કરવાનું છે તો સવારે ૫–૩૦ થી ૬–૩૦ ધૂન. એ ધૂનમાં કયા રાગ ગાવા તેના વિચાર વિમર્શમાંથી જ આગલીરાતથી જ હોળી ઉત્સવ શરૂ થઈ જાય છે.

રાત્રે બાર વાગે યુવાન બાળાઓ પાસે જોર જોરથી ધૂન ગવડાવી પૂ. મા સાધકોને જગાડવાનો પ્રયત્ન કરે છે પણ સદ્‌ભાગી જીવો જ જાગીને સહભાગી થઇ શકે છે. મંજુબેન ભાવસાર, શ્રી ચીમનકાકા અને હું વાર્તાલાપ આપીએ છીએ. એ સત્સંગની બેઠક રાત્રે દોઢ વાગે પૂરી થાય છે, ત્યારે બીજા દિવસે સવારે ધૂન અને આખા દિવસમાં લીલામૃતનું પારાયણ કરવાનું નક્કી થાય છે.

બીજા દિવસે બ્રાહ્મમુહૂર્તમાં ધૂન નવા નવા રાગમાં ગવાય છે. પ્રભુને સાદ પડાય છે, તો રક્ષવા માટેની પ્રાર્થના પણ કરાય છે. ભાવવાહી રીતે ગવાયેલી ધૂનના ઇષ્ટ તો સાંભળતા જ હતા. કેવું કીર્તન જેને માટે કરીએ તેને તરત જ પહોંચી જાય, તત્ક્ષણ અર્ઘ્ય જેને અર્પવાનો તે ઝાલી જ લે. નવમંત્ર ગાનથી શરૂ થયેલી ધૂન તે જ રીતે પૂર્ણાહુતિ પામે છે.

પ્રણામ પછીની બેઠકમાં લીલામૃતના ત્રણ અધ્યાય, અગિયારની બેઠકમાં પાંચ અધ્યાય, સાંજે ચારની બેઠકમાં ૬ અધ્યાય અને રાત્રીની બેઠકમાં એક અધ્યાય. એમ એક આખા દિવસમાં આ રીતે સંપૂર્ણ લીલામૃતનું ગાન થઇ શકે છે. શ્રદ્ધા અને મયૂરી ઢોલકનો તાલ આપે છે, તો સ્મૃતિ, મીરાં, દીપુ મંજીરાથી નાદ જગાવે છે. ખૂબ સરસ રીતે પારાયણ પૂર્ણ થાય છે.

બપોરની બેઠકમાં શ્રી બિપીનભાઇ ખૂબ સરસ વાર્તાલાપ આપે છે. પૂ. શ્રી માના નિર્વ્યાજ પ્રેમની વાત કરે છે. આપણને ગટરમાંથી ઉંચકી લે છે. પ્રભુએ આપણામાં રહેલી શક્તિઓનો આપણને જ પરિચય કરાવ્યો છે, તેની વાત કરે છે.

સાંજે આપણી નવી જમીનમાં હોળીનો ઉત્સવ ઉજવાય છે. ત્યાં હોળી પ્રગટાવવામાં આવે છે. શ્રી સ્નેહલ પંડિત શાસ્ત્રોક્ત



રીતે વિધિવત્ પૂજન કરાવે છે. અને તેના યજમાની શ્રી ઘનશ્યામભાઇ અને રંજનબહેન બને છે. તેમાં આદિવાસી—આપણા નવા પાડોશીઓ પણ ભાગ લે છે. પૂ. શ્રી મા ત્યાં રોજ બાવની કરાવે છે, તે ભૂમિના દોષો હોળીમાં હોમાઇ જાય, સંકીર્તનથી દૂર થઇ જાય. પૂ. માની સૂક્ષ્મદૃષ્ટિ તો જુઓ! પાયાના ખાડા જે ત્રણ ત્રણ ફૂટ ખોદાઇ ગયા છે ત્યાં સાધકોને ખાડામાં ઉતારીને (બીજી કોઇ રીતે નહીં) ત્યાં પણ બાવની કરાવે છે. મૂળ જ શુદ્ધ તો ડાળા પાંખડાં તો આપોઆપ શુદ્ધ થઇ જવાનાં. ત્યાં ધાણી, ચણા, ચોકલેટ ને પતાસાનો પ્રસાદ વહેંચાય છે. આજુબાજુના બાળકોને શ્રી ચીમનકાકાએ મંત્રગાન કરતાં શીખવ્યું છે. બધાં જ બાળકો ૐ યોગેશ્વરાય નમઃ બોલતાં શીખી ગયાં છે. તે સહુને પણ પ્રસાદ મળે છે. આદિવાસી બાળાઓ ખૂબ પ્રેમથી ત્યાં આદિવાસી નૃત્ય કરે છે. આપણી બાળાઓ પણ તે નવી બાળાઓ સાથે મળી મંત્રગાન કેર છે. Love thy neighbour અમલમાં મૂકે છે.

સહુ સ્વર્ગારોહણ આવે છે ત્યાં પૂ. શ્રી મા બહાર જ બેઠાં છે. આપણું રક્ષણ કરવા તે તો ગમે ત્યાંથી કરી શકે (આ તો તેઓશ્રીની મજાક) ત્યાં બંને બાવનીનું ગાન થાય છે. સહુ ભોજન માટે જાય છે. મા અન્નબ્રહ્મની પ્રાર્થના બહાર જ ગવડાવી લે છે.

રાત્રીની બેઠકમાં લીલામૃતનો અધ્યાય અને યોગેશ્વર કથામૃતનું વાંચન થાય છે. બે નાની બાળાઓ એક ૪ વર્ષની, એક છ વર્ષની આખી બાવની બોલે છે. તેને મા ૧૦૦ રૂા. આપી સન્માન કરે છે. તેમનાં દાદીમાના અને માતાપિતાના સંસ્કારને બિરદાવે છે.

વચ્ચેની એક ગોષ્ઠિમાં જુદા જુદા પ્રસંગે મા–પ્રભુથી સહુનું કેવું રક્ષણ થાય છે તેની સહુ વાત કરે છે.

હે મા! પ્રભુએ પ્રવચનમાં કહ્યું તેમ સાધક હવનમાં ઘી અને તલની આહુતિ ના આપે, કામક્રોધની આહુતિ આપે. દુર્ગુણોની આહુતિ આપે તેવી જ રીતે અમે પણ અમારા સર્વ દુર્ગુણોની આહુતિ આપીએ. પૂ. શ્રીએ એકવાર સુરતમાં ૧૯૬૪ માં હોળીના દિવસે પ્રવચન આપતાં આજ વાત કરેલી. સર્વ દુર્ગુણોની હોળી હજો. ઈર્ષ્યાની આગ ત્યજી પ્રેમનો પ્રવાહ પ્રગટાવો. એટલે પ્રભુના રંગે રંગાઈ જશો. રંગ અને ગુલાલ કે કાદવ કીચ્ચડ તો અસ્વચ્છતા નિર્માણ કરે. એવી ગંદકી ગમે કેવી રીતે? પ્રેમનો રંગ–પ્રભુ પ્રેમનો રંગ પ્રગટાવો તો જીવનના બધા જ દિવસો ધૂળેટીના થઈ જશે. દુર્ગુણોની હોળી થશે તો જીવનમાં બધા જ દિવસ દીવાળી થઈ જશે. પ્રભુની એ ઈચ્છાને પરિપૂર્ણ કરી શકીએ તેવી પ્રાર્થના.

હે મા, સ્વર્ગારોહણના નિત્ય ઉત્સવ, નિત્ય લીલાઓ, નિત્ય નાવીન્યને નીરખવાની, પરખવાની સમજવાની દૃષ્ટિ આપજો. સતત આપની સંનિધિ મળી રહે તેવી કૃપા કરજો.



# શ્રીવિષ્ણુસહસ્ર સમશ્લોકી

(ફેબ્રુઆરી ૨૦૦૬થી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

શ્રી વિષ્ણુસહસ્રનામનો પાઠ ઘણાં સાધકો કરે છે. ગુજરાતીમાં તેનો અર્થ સમજાય તે માટે પૂ. યોગેશ્વરજીદ્વારા સમશ્લોકી અનુવાદિત થયેલ વિષ્ણુસહસ્રનામમાંથી દરેક અંકમાં બે શ્લોક મૂકવામાં આવશે. —તંત્રી

સ્વયંભૂઃ શંભુરાદિત્યઃ પુષ્કરાક્ષો મહાસ્વનઃ ।
અનાદિનિધનો ધાતા વિધાતા ધાતુરુત્તમઃ ।।૫।।

વળી સ્વયંભૂ શંકર તેમ જ સૂર્યરૂપ છો વેદ તમે,
કમળનેત્ર ને અનાદિ તેમ જ અંત સર્વના એક તમે;
ધારણકર્તા તેમ વિધાતા શ્રેષ્ઠ તમે બ્રહ્માંડ તણા,
તત્ત્વરૂપ હે દેવ, તમોને પ્રણામ કરીએ અમે ઘણા.

અપ્રમેયો હૃષીકેશઃ પદ્મનાભોઽમરપ્રભુઃ ।
વિશ્વકર્મા મનુસ્ત્વષ્ટા સ્થવિષ્ઠઃ સ્થવિરો ધ્રુવઃ ।।૬।।

સિદ્ધ તમોને કરવા કોઈ નહિ જોઈએ ખરે પ્રમાણ,
ઈન્દ્રિયોના સ્વામી, જગના નાયક, હે દેવોના પ્રાણ!
મનોરૂપ તમ, પદ્મનાભ છો, પૃથ્વીરૂપ તમે જ ખરે,
દૃઢસંકલ્પ, સર્વના સૃષ્ટા તમને ભજતાં સર્વ તરે.